અમદાવાદ-ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

॥ સત્ય મેવ જયતે ॥

R.N.I. No. : GUJGUJ/2023/14689

સાપ્તાહિક

ગુજરાત ન્યુઝ

(WEEKLY)

EDITOR : Padhiyar Ritesh D. Mo. 99139 93000

SUB EDITOR : Padhiyar Arpit Mo. 98980 35791

OWNER, EDITOR, PUBLISHER : Padhiyar Riteshbhai Dilipbhai ★Vol.:01★ Issue : 17★ Date : 06-02-2024★Tuesday★Mo. : 93271 43515 ★Price Rs. : 1.00 ★Page-4

OFFICE : Shop No.9, Narsinh Nagar, Opp.Baliyadev Temple, Lambha Road, Lambha, Narol, Ahmedabad-382405. GUJARAT. EMAIL : gujaratnews999@gmail.com

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર માહિતી આપી

ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનું સર્વોચ્ચ સન્માન ભારત રત્ન અપાશે

અડવાણી પાર્ટીના એકમાત્ર એવા નેતા છે જે ૧૯૮૦માં ભાજપની રચના થઈ ત્યારથી લઈને અત્યાર સુધી સૌથી વધુ સમય સુધી પાર્ટી અધ્યક્ષ હતા

નવી દિલ્હી,

કેન્દ્રની મોદી સરકારે આજે એક મોટી જાહેરાત કરી છે. સરકારે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનું સર્વોચ્ચ સન્માન ભારત રત્ન આપવાની જાહેરાત કરી દીધી છે. આ વાતની જાણકારી ખુદ પીએમ મોદીએ આપી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'મને એ વાત જણાવતાં ખુશી થઈ રહી છે કે લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવશે. મેં તેમની જોડે વાત કરી છે અને આ સન્માનથી સન્માનિત કરવા અંગે તેમને શુભેચ્છા પાઠવી હતી. અમારા સમયના સૌથી સન્માનિત રાજનેતાઓમાંથી એક, ભારતના વિકાસમાં લાલકૃષ્ણ અડવાણીનું યોગદાન અવિસ્મરણીય છે.'

લાલકૃષ્ણ અડવાણી પાર્ટીના એકમાત્ર એવા નેતા છે જે ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીની રચના થઈ ત્યારથી લઈને અત્યાર સુધી સૌથી વધુ સમય સુધી પાર્ટીના અધ્યક્ષ રહ્યા છે. પ્રથમ વખત તેઓ ૧૯૮૬ થી ૧૯૯૦ અને ત્યારબાદ ૧૯૯૩ સુધી અધ્યક્ષ રહ્યા હતા. ૧૯૯૮ અને પછી તેઓ ૨૦૦૪ થી ૨૦૦૫ સુધી પાર્ટીના અધ્યક્ષ રહ્યા હતા. સાંસદ તરીકે ત્રણ દાયકાની લાંબી ઈનિંગ્સ રમ્યા પછી, અડવાણી પહેલા ગૃહ મંત્રી બન્યા અને બાદમાં અટલ જીની કેબિનેટ (૧૯૯૯-૨૦૦૪)માં નાયબ વડા પ્રધાન બન્યા હતા.

અડવાણી ઉંમર અને તબીયતના કારણે અડવાણી છેલ્લા ઘણા વર્ષોથી જાહેરમાં આવતા નથી. પરંતુ ૨૨ જાન્યુઆરીએ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પહેલા તેઓ ફરીથી ચર્ચામાં આવ્યા હતા, કેમ કે અડવાણી રામ મંદિર આંદોલનનો મુખ્ય ચહેરો રહ્યા છે. તેમણે રામ જન્મભૂમિ આંદોલન માટે ગુજરાતના સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા કાઢી હતી. તેમને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું પરંતુ ઉંમર અને તબીયતના કારણે તેઓ હાજર રહ્યા ન હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે એક્સ (અગાઉ ટ્વિટર) પર લખ્યું હતું કે, મને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે લાલકૃષ્ણ અડવાણીજીને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવશે. મેં તેમની સાથે વાત કરી અને તેમને આ સન્માન મળવા બદલ અભિનંદન પાઠવ્યા. તેઓ આપણા સમયના સૌથી આદરણીય રાજનેતાઓમાંના એક છે અને ભારતના વિકાસમાં તેમનું યોગદાન અમૂલ્ય છે. તેમણે પાયાના સ્તરથી શરૂઆત કરીને નાયબ વડાપ્રધાનના પદ સુધી રાષ્ટ્રની સેવા કરી છે. તેમણે પોતાને આપણા ગૃહ પ્રધાન અને I&B પ્રધાન તરીકે અલગ પાડ્યા હતા. તેમના સંસદીય હસ્તક્ષેપ હંમેશા અનુકરણીય રહ્યા છે, સમૃદ્ધ આંતરદ્રષ્ટીથી ભરેલા છે.

તાજેતરમાં જ બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકેલા દિવંગત કર્પૂરી ઠાકુરને પણ ભારત રત્નથી સન્માનીત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. મોદી સરકાર દ્વારા જનનાયક કર્પૂરી ઠાકુરની જન્મજયંતિના એક દિવસ પહેલા જ તેમને દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત કરવાની જાહેરાત કરી હતી. ઠાકુર એક મજબૂત સમાજવાદી નેતા હતા જેઓ બે વખત બિહારના મુખ્યમંત્રી રહ્યા હતા. તેમને ગરીબોના મસીહા માનવામાં આવે છે. તેઓ અનામતના પ્રખર હિમાયતી હતા. તેઓ બે વખત બિહારના મુખ્યમંત્રી રહ્યા પરંતુ તેમનો કુલ કાર્યકાળ માત્ર અઢી વર્ષનો હતો.

જાહેર સંપત્તિને નુકસાન કરનારાઓ પર સકંજો કસવા કાયદા પંચે કેન્દ્રને ભલામણ કરી

જાહેર સંપત્તિ રાષ્ટ્રની સંપત્તિ, કોઈને પણ નુકસાન કરવાનો અધિકાર નહીં : કાયદા પંચ

નવી દિલ્હી,

જાહેર સંપત્તિને નુકસાન કરનારાઓ પર સકંજો કસવા કાયદા પંચે (Law Commission) કેન્દ્ર સરકાર (Center Government)ને કડક ભલામણ કરી છે. આરોપી જ્યાં સુધી નુકસાન કરેલી જેટલી રકમ ન ભરે, ત્યાં સુધી તેના જમીન ન કરવા પંચે ભલામણ કરી છે. આ ઉપરાંત પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી (PDPP) એક્ટમાં પણ સુધારા કરવાની સલાહ આપી છે. આ ભલામણ કાયદા પંચના અધ્યક્ષ જસ્ટિસ ઋતુ રાજ અવસ્થીની આગેવાની હેઠળની કમિટીના રિપોર્ટમાં કરાઈ છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, જાહેર સંપત્તિને નુકસાન કરવાના મામલામાં પીડીપીપી કાયદા હેઠળના ગુનાઓ માટે દોષિત ઠેરવવા અને સજાનો ડર પૂરતો નથી. કાયદા પંચે કહ્યું કે, જાહેર સંપત્તિને નુકસાન કરનારાઓની જામીનની શરતો વધુ કડક હોવી જોઈએ. જ્યાં સુધી આરોપી સાર્વજનિક સંપત્તિની અંદાજીત રકમ જમા ન કરે, ત્યાં સુધી તેને જામીન આપવામાં ન આવે. કેન્દ્ર સરકારે ૨૦૧૫માં પીડીપીપી એક્ટમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો.

ગૃહ મંત્રાલયે જાહેર મિલકત નુકસાનનિવારણ એક્ટ (સુધારો) બિલ-૨૦૧૫નો એક ડ્રાફ્ટ જારી કર્યો હતો અને તે અંગે વાંધા અને સૂચનો માગ્યા હતા. જોકે વર્તમાન એક્ટમાં સુધારાનો પ્રસ્તાવ આગળ વધ્યો નહતો. કાયદા પંચે રિપોર્ટમાં કહ્યું છે કે, આપણા દેશમાં સાર્વજનિક સંપત્તિને નુકસાન કરવાની ઘટનાઓ મોટાપ્રમાણમાં થાય છે અને હજુ પણ આવી ઘટનાઓ બનતી રહે છે.

પંચે વધુમાં કહ્યું કે, જાહેર સંપત્તિની સુરક્ષા કરવાનો તમામ નાગરિકોનો મૌલિક અધિકાર છે. આ ઉપરાંત તેની સુરક્ષા કરવી તેમના હિતમાં પણ છે. ભલે ગમે તે કારણ હોય, પરંતુ કોઈને પણ જાહેર સંપત્તિ નષ્ટ કરવાની મંજૂરી ન આપી શકાય. સંપત્તિને નુકસાન કરવું સરળ છે, પણ તેને બનાવવી અઘરી છે. રિપોર્ટમાં જાહેર સંપત્તિ રાષ્ટ્રની સંપત્તિ હોવાનો ઉલ્લેખ કરાયો છે અને કહેવાયું છે કે, સંપત્તિને નુકસાન કરવાની બાબતને ગંભીરતાથી લેવું જોઈએ અને ગુનેગારો દંડ કરવો જોઈએ.

ઈન્કમટેક્સ રિટર્ન માટે નવુ ફોર્મ જાહેર કરવામાં આવ્યું

કેપિટલ આવક મેળવનારે આટીઆર-૨ ફોર્મ ભરવું પડશે

આ બંને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ

નવી દિલ્હી,

સેંન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) ઈક્મટેક્સ રિટર્ન માટે નવુ ફોર્મ જાહેર કરવામાં આવ્યું છે. તેના માટે સીબીડીટીએ ઈ- ગેઝેટમાં નોટિફિકેશન પણ જાહેર કરવામાં આવ્યું છે. આઈટીઆર-૨ ફોર્મ એ લોકોને ભરવાનું રહેશે, જેમણે કેપિટલ આવક મેળવી છે અને આઈટીઆર ૧ ફોર્મ ભરી શક્યા નથી.

આ સિવાય આઈટીઆર-૩ ફોર્મ એ લોકોએ ભરવાનું રહેશે, જેમની પાસે ધંધા-વ્યવસાયથી આવક થઈ હોય. આ બંને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૪ નક્કી કરવામાં આવી છે. જો કરદાતાએ ઈક્મ ટેક્સ ઓડિટ કરાવવાનું છે અને તેમણે વ્યવસાયમાંથી આવક થઈ હોય, તો આઈટીઆરફાઈલ કરવાની છેલ્લી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ રહેશે.

ઈક્મ ટેક્સ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ પ્રમાણે આઈટીઆર - ૧ ફોર્મ ન ભરનારા વ્યક્તિઓ અથવા હિન્દુ અવિભાજિત પરિવારને આઈટીઆર-૨ ભરવાનું રહેશે. આવા વ્યક્તિ અથવા એચયુએફકે જેમની પાસે ધંધા -વ્યવસાયમાં નફા અથવા નફાની કોઈ આવક નથી. આ સાથે જેમણે કોઈ ભાગીદારી પેઢીમાંથી વ્યાજ, પગાર,બોનસ કે કમીશન તરીકે કોઈ આવક મેળવી હોય.

આ ઉપરાંત અન્ય કોઈ વ્યક્તિ જેમ કે પતિ/પત્ની, સગીર બાળક વગેરેની આવકને તેમની આવક સાથે જોડવામાં આવે છે તો આવા લોકોએ આઈટીઆર-૨ ભરવાનું રહેશે. નવા નિયમો પ્રમાણે આઈટીઆર-૨ ફોર્મ ભરવા માટે લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર (એલઈઆઈ)ની વિવરણ આપવાનું રહેશે. ન્ઈં એ ૨૦ આંકડાનો યૂનિક કોડ હોય છે. આ વૈશ્વિક નાણાકીય સિસ્ટમમાં તમારી ઓળખ કરી શકે છે. આ સાથે કોઈપણ રાજકીય પક્ષને આપવામાં આવેલા દાનની સંપૂર્ણ વિવરણ આપવાનું રહેશે, તેમજ વિકલાંગ વ્યકિતની મેડિકલ સારવારમાં થયેલા ખર્ચનું વિવરણને પણ ઓડિટ કરાવવાનું રહેશે. ત્યાર બાદ વ્યક્તિગત અથવા HUF પણ ટેક્સ ઓડિટ કરાવવા માટે ઈવીસીસાથે આઈટીઆરચેક કરી શકે છે.

વેબસાઈટ પ્રમાણે જો કોઈ વ્યક્તિ અથવા એચયુએફને ધંધા-વ્યવસાયમાંથી આવક થઈ છે, અને તે આઈટીઆર-૧, આઈટીઆર-૨ અને ૪ ફોર્મ ભરવા પાત્ર નથી. તો તેમણે આઈટીઆર-૩ ફોર્મ ભરવાનું રહેશે.

ઓપરેશન લોટસ :

દિલ્હીમાં રાજકીય ડીલ ફાઈનલ થતાં જ કોંગ્રેસમાં મોટુ ભંગાણ પડે તેવી સંભાવના

કોંગ્રેસના સાતેક ધારાસભ્યો પક્ષપલટાની ફિરાકમાં

નવી દિલ્હી,

લોકસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપે ઓપરેશન લોટસ શરૂ કર્યુંછે જેના પગલે કોંગ્રેસના ધારાસભ્યોથી માંડીને નેતા-કાર્યકરોએ કમલમ તરફ દોટ માંડી છે. એવી જાણકારી મળી રહી છે કે, ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા-વર્તમાન ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે. આગામી દિવસોમાં કોંગ્રેસના વધુ સાતેક ધારાસભ્યો ગમે તે ઘડીએ પક્ષપલટો કરી શકે છે.

ગુજરાત કોંગ્રેસની દશા વધુને વધુ કફોડી બની રહી છે. છેલ્લાં પાંચેક વર્ષમાં જ કોંગ્રેસના ૮૦થી વધુ ધારાસભ્યો પક્ષની વંડી ઠેકીને કેસરિયો ખેસ ધારણ કરી ચૂક્યા છે. ૭૭માંથી ૧૭ ધારાસભ્યો સુધી પહોંચેલી કોંગ્રેસ હજુય તુટતી જ જાય છે. સી.જે.ચાવડા અને ચિરાગ પટેલ રાજીનામુ આપી ચૂક્યા છે. હજુ સાતેક ધારાસભ્યો ગમે તે ઘડીએ પક્ષપલટો કરવાની ફિરાકમાં છે જેમાં બાબુ વાજા, રઘુ દેસાઈ, અમરીશ ડેર, ભીખાભાઈ જોશી, વિમલ ચુડાસમા, લલિત વસોયાનો સમાવેશ થાય છે. એવી ચર્ચા છે કે અર્જૂન મોઢવાડિયા અને શૈલેષ પરમારનું મંત્રીપદ માટે અટક્યુ છે. આ વાતને લઈને ભાજપ સાથે મડાગાંઠ પડી છે. જો આ રાજકીય સોદો ફાઈનલ થશે તો સાતેક ધારાસભ્યો સાથે કોંગ્રેસમાં સામૂહિક ભંગાણ પડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. શકિતસિંહ ગોહિલે ગુજરાત કોંગ્રેસની કમાન સંભાળ્યા બાદ કોંગ્રેસ વધુ તુટી રહી છે

ગુજરાતમાં જૂથબંધી વકરી છે ત્યારે કોંગ્રેસમાં જ ગણગણાટ છે કે, શકિતસિંહ ગોહિલને અને મોઢવાડિયાને મોટા ઉદ્યોગગૃહોના આર્શિવાદ છે. બન્ને નેતાઓ પ્રજાલક્ષી કામોને બદલે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં ઉદ્યોગજૂથના કામોના લાયઝનમાં વ્યસ્ત બન્યા છે. જો આ જ પરિસ્થિતિ રહી તો, લોકસભાની ચૂંટણી અગાઉ ભાજપ કોંગ્રેસ યુક્ત અને ગુજરાત કોંગ્રેસ મુક્ત બની જશે તે આ વાત નક્કી છે. શકિતસિંહ ગોહિલે ગુજરાત કોંગ્રેસની કમાન સંભાળ્યા બાદ કોંગ્રેસ વધુ તુટી રહી છે. ડેમેજ કંટ્રોલ કરવાને બદલે શકિતસિંહ હજુય ધારાસભ્યો-નેતાઓની અવગણના કરી રહ્યાં છે. એટલુ જ નહી, ખુદ ધારાસભ્યો શકિતસિંહને પ્રવાસી પ્રદેશ પ્રમુખ કહી રહ્યા છે કેમ કે, તેઓ દિલ્હીમાં જ પડ્યા પાથર્યા રહે છે. ગુજરાતમાં ય પ્રવાસના નામે અન્ય જિલ્લામાં ફરતા રહે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીએ દેખા દેતા જ નથી. પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક સાથેની બેઠકમાં જ ધારાસભ્યો તો ઠીક, વિધાનસભાના વિપક્ષના નેતાને ય આમંત્રણ અપાતુ નથી. આમ, આંતરિક વિખવાદ ચરમસિમાએ છે ત્યારે ગુજરાત કોંગ્રેસની આ સ્થિતિ માટે પ્રવાસી પ્રદેશ પ્રમુખ જવાબદાર છે.

પાકિસ્તાનમાં ચૂંટણી પહેલા પોલીસ સ્ટેશન પર આતંકી હુમલો, ૧૦ પોલીસકર્મીના મોત

નવી દિલ્હી,

આ હુમલામાં છ લોકો ઘાયલ થયા છે જેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં ૮મી ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી યોજાવાની છે, જે પહેલા આતંકવાદી ગતિવિધિઓ વધી ગઈ છે. ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાનમાં એક પોલીસ સ્ટેશન પર આતંકી હુમલો થયો છે, જેમાં ૧૦ પોલીસકર્મીઓના મોત થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં પોલીસ સ્ટેશન પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૦ પોલીસકર્મીઓ માર્યા ગયા છે અનેછ અન્ય ઘાયલ થયા છે, જેમને હ્રઝ્ઝ્ઊ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આતંકવાદીઓએ જિલ્લાના તહસીલ દરબનમાં પોલીસ સ્ટેશન પર ચારે બાજુથી ગ્રેનેડ ફેંક્યા અને જોરદાર ગોળીબાર કર્યો હતો. સરકારી એજન્સીએ કહ્યું કે પોલીસે જવાબી કાર્યવાહી કરી, પરંતુ આતંકવાદીઓ ત્યાંથી ભાગી ગયા હતા. સ્થાનિક સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર, વિસ્ફોટક સામગ્રી એક શોપિંગ બેગમાં રાખવામાં આવી હતી. ચૂંટણી પંચે આ મામલે જિલ્લા મોનિટરિંગ ઓફિસર અને વરિષ્ઠ પોલીસ અધિક્ષક દક્ષિણ પાસેથી રિપોર્ટ માંગ્યો હતો.

લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાને કેબિનેટ મંત્રીઓને આપી ચેતવણી

મંત્રીઓએ કોઈ રાજકીય વિશ્લેષકોથી ગેરમાર્ગે ન દોરાવું જોઈએ : વડાપ્રધાન

ચૂંટણી પહેલા મોદીએ કેબિનેટ મંત્રીઓને ૨૦૦૪ જેવી ભૂલ ન કરવા ચેતવણી આપી : ૨૦૦૪માં વધારે પડતાં વિશ્વાસને કારણે ભાજપ ચૂંટણી હાર્યો હતો

નવી દિલ્હી,

આગામી લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના કેબિનેટ મંત્રીઓને ચેતવણી આપી છે. પીએમ મોદીનું કહેવું છે કે મંત્રીઓએ કોઈ રાજકીય વિશ્લેષકોથી ગેરમાર્ગે ન દોરાવું જોઈએ અને ૨૦૨૪ની આગામી લોકસભાની ચૂંટણી માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવો જોઈએ. મંત્રીઓને મોદીની આ સલાહ એવા સમયે આવી છે જ્યારે અયોધ્યામાં રામ લલ્લાના પવિત્ર સમારોહે હિન્દી બેલ્ટ સહિત દેશભરમાં ભાજપ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કર્યું છે.

પીએમ મોદીએ પોતાના મંત્રીઓને કહ્યું છે કે જ્યાં સુધી કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને પૂર્ણ ન ગણી શકાય. ભાજપને હજુ પણ ૨૦૦૪ની ચૂંટણીનો ડર છે, જ્યાં છેલ્લી ઘડીએ ભાજપે બેદરકારી દાખવી હતી. સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ લોકસભામાં સૌથી મોટી પાર્ટી બની, ભાજપથી માત્ર સાત સીટ આગળ અને આગામી ૧૦ વર્ષ સુધી સત્તામાં રહી. કોંગ્રેસે યુપીએ ગઠબંધનની રચના કરી અને મનમોહન સિંહ સતત બે વાર વડાપ્રધાન બન્યા. હાલના માહોલને જોતા ભાજપના નેતાઓ ×અબકી બાર ૪૦૦ પાર×માં વિશ્વાસ કરવા લાગ્યા છે. પરંતુ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સીટોની સંખ્યાને લઈને બેદરકાર રહેવા માંગતા નથી. આ જ કારણ છે કે જાતિ-પ્રભુત્વ ધરાવતા બિહારમાં જેડી(યુ) અને ઓડિશામાં બીજેડી સાથે ગઠબંધને પણ સકારાત્મક વાતાવરણ ઊભું કરવામાં કોઈ કસર છોડી નથી. વધતી જતી અર્થવ્યવસ્થા અને વૈશ્વિક પ્રભાવના કારણે મોદી સરકારની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો થયો નથી. જો કે, સરકાર દ્વારા સર્વાંગી કામગીરી કરવામાં આવી હોવા છતાં, ભાજપે તેના સમર્થકો મતદાન મથક સુધી પહોંચે અને મતદાન કરે તે માટે તેના ×પન્ના પ્રમુખો× પર નિર્ભર રહેવું પડશે. ભાજપ 'રામ લલ્લાના આશીર્વાદ' સાથે હિન્દી બેલ્ટમાં ફ્રન્ટ-ફૂટ પર રમી રહી છે. પરંતુ આમ છતાં પાર્ટી અને આરએસએસ નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે પોતાના સમર્થકોને પ્રોત્સાહિત કરવામાં કોઈ કસર છોડવા માંગતા નથી. જો કે પાર્ટીએ કર્ણાટકમાં પોતાની સંખ્યા જાળવી રાખવા અને તમિલનાડુમાં ડીએમકે અને કેરળમાં ડાબેરીઓના ગઢને તોડવા માટે મહેનત કરવી પડશે. પશ્ચિમ બંગાળ માટે પણ આ જ વાત સાચી છે કારણ કે મુખ્યમંત્રી મમતા બેનર્જી ભાજપ સામે સંપૂર્ણ તાકાતથી લડશે અને લોકસભાની બેઠકોની સંખ્યા ગત વખતથી ઘટાડવાનો પ્રયાસ કરશે.

૫૦થી ૫૦૦ રૂપિયાનો થઈ શકે છે દંડ

જાહેરમાં થૂંકતાં લોકોની સામે દંડનીય કાર્યવાહી કરવા આદેશ

અમદાવાદને સ્વચ્છ રાખવા મ્યુનિ. કમિશનર એક્શનમાં

અમદાવાદ,

અમદાવાદ શહેરને સ્વચ્છ રાખવા મ્યુનિસિપલ કમિશ્નરના તંત્રને કડક આદેશ છૂટ્યા છે. જાહેરમાં થૂંકતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરવા આદેશ કરાયો છે. જો હવે તમે માવો ખાઈને અમદાવાદમાં ગમે ત્યાં થૂંકશો તો તમારી પાસેથી ૫૦ થી ૫૦૦ રૂ. નો દંડ વસૂલવામાં આવી શકે છે.

તાજેતરમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતને નંબર વન મળ્યો છે. ત્યારે હવે અમદાવાદ પણ સુરતના પગલે સ્વચ્છના રસ્તે નીકળી રહ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને જાહેરમાં થૂંકવા બદલ હવે દંડ ફટકારી શકે છે. હવે જો કોઈ અમદાવાદી આવતા જતા વાહન પર જતા થૂંકે અને ઠ્ઠઠ્ઠ ની ટીમ તમને પકડી શકે છે. આ માટે તમને ૫૦ થી ૫૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે. એટલુ જ નહિ, એએમસી તમારા ઘરે દંડ પણ મોકલી શકે છે. cctv નેટવર્કથી પણ થૂંકનાર સામે પગલાં લેવા કમિશનરની સૂચના આપવામાં આવી છે. અગાઉ પણ આ મુજબ ભૂતકાળમાં કાર્યવાહી શરૂ કરાઈ હતી. ઈ મેમો ઘરે મોકલી વસૂલાતી દંડની રકમ ૨૦૦ રૂપિયા અને ચાલતા જતી વ્યક્તિને ઠ્ઠઠ્ઠ ટીમ પકડે તો ૫૦ થી ૧૦૦ નો દંડ ફટકારી શકે છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને ટિમ બનાવી આ અંગે તપાસ કરવાની સૂચના અપાઈ છે. એએમસી દ્વારા પેનલ્ટી લેવાનું શરૂ કરાયું છે. બે દિવસમાં કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. બે દિવસમાં કુલ ૧૩૫ લોકો પર કાર્યવાહી કરવામાં આવી છે. ૧૩૫ લોકો પાસેથી ૧૫,૨૧૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. સાથે જ ૬૦૦૦ જેટલા લોકો સીસીટીવીમાં કેદ થયા છે. સીસીટીવીમાં પકડાયેલા લોકોને ઘરે મેમો મોકલવામાં આવશે.

તંત્રીલેખ ...

ફેબ્રુઆરીની શરૂઆતથી જ બેવડી ઋતુનો અનુભવ

હાલ સમગ્ર ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે ઠંડી અને બપોરે ગરમીથી લોકો પરેશાન થઈ રહ્યા છે. બેવડી ઋતુના કારણે રોગચાળાના કેસમાં વધારો થયો છે. ઘરે-ઘરે શરદી-ઉધરસ, વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે હવે નવી આકાશી આફત આવવાની છે. ૭ ફેબ્રુઆરીથી ઠંડીમાં વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, આગામી દિવસોમાં ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે. જેમાં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છાંટા પડવાની શક્યતા છે. આ દિવસોમાં ગુજરાતમાં ફરી ઠંડીનો દોર શરૂ થશે. હવામાન વિભાગની આગાહી આવી ગઈ છે. આગાહી એવી છે કે, હાલ અમદાવાદમાં ૧૭ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો નલિયાનું તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. આગામી ત્રણ દિવસ તાપમાન યથાવત રહેશે. પરંતું ત્રણ દિવસ બાદ ઠંડીનું જોર વધશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે ઠંડી વધશે. ત્યાર બાદ તાપમાનમાં ફરી વધારો થતા ગરમીનો અનુભવ થશે. અંબાલાલ પટેલે ફેબ્રુઆરી મહિનામાં ફરી કમોસમી વરસાદની આગાહી કરી છે. આ દિવસોમાં કરા સાથે વરસાદ આવી શકે છે. ખાસ કરીને ગુજરાતના રાજસ્થાનથી જોડાયેલા સરહદી વિસ્તારોમાં છાંટા આવી શકે છે. આ દિવસોમાં ફરી ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે, અને રાજ્યમાં ફરી બેવડી ઋતુ અનુભવાશે. તો સાથે જ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં વરસાદ આવવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રાજસ્થાનમાં સૌથી વધુ જોવા મળશે. જેમાં કેટલાક ભાગોમાં ગાજવીજ અને કરા સાથે વરસાદ આવી શકે છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી એવી છે કે, ૧૦થી ૧૫ ફેબ્રુઆરીમાં ફરી વાદળવાયું આવવાની શક્યતાઓ રહેલી છે. આ સાથે ૭મી ફેબ્રુઆરીથી ઠંડીની શરુઆત થવાની આગાહી પણ તેઓ કરી રહ્યા છે. જેમાં ઉત્તર ગુજરાતના ભાગોમાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીથી નીચું જવાની શક્યતાઓ છે. સાથે જ તેમણે આગાહી કરતા કહ્યું કે, ૫ ફેબ્રુઆરી સુધીમાં ગુજરાતના અનેક ભાગોમાં હવામાન પલટાશે. ગુજરાતના અનેક શહેરોના વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળશે. ગુજરાતમાં અનેક સ્થળોએ છાંટા પડવાની પણ શક્યતા છે. રાજ્યભરમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

ઈન્ડિયન નેવીમાં આઈએનએસ સંધ્યાક સામેલ

નૌકાદળ આત્મનિર્ભર બળને સાવધાનીથી તૈયાર કરવા સમર્પિત

વિશાખાપટ્ટનમ,

વિશાખાપટ્ટનમમાં ઈન્ડિયન નેવીમાં આઈએનએસ સંધ્યાકને સામેલ કરવામાં આવ્યું છે. ઈન્ડિયન નેવીના ચીફ એડમિરલ આર હરિ કુમારે વિશાખાપટ્ટનમમાં નેવી ડોકયાર્ડ ખાતે આઈએનએસ સંધ્યાકના કમિશનિંગ સમારોહને સંબોધિત કર્યો હતો.

આ દરમિયાન તેમણે કહ્યું કે, નૌકાદળ ઉભરતા ભારતની સેવામાં સંતુલિત 'આત્મનિર્ભર બળ'ને સાવધાની પૂર્વક તૈયાર કરવા માટે સમર્પિત છે.

નેવી ચીફ કુમારે કહ્યું કે, અમે ઉભરતા ભારતની સેવામાં સાવધાનીપૂર્વક એક સંતુલિત 'આત્મનિર્ભર બળ' તૈયાર કરી રહ્યા છીએ. આઈએનએસ સંધ્યાકના કમિશનિંગ સમારોહમાં ભાગ લેવા માટે રક્ષા મંત્રી રાજનાથ સિંહ વિશાખાપટ્ટનમ પહોંચ્યા હતા ત્યાં તેમનું નેવી ચીફે સ્વાગત કર્યું હતું.

સમારોહમાં ઉપસ્થિત લોકોને સંબોધિત કરતા નેવી ચીફે કહ્યું કે, આઈએનએસ સંધ્યાકના કમિશનિંગ સમારોહ માટે રક્ષામંત્રી અમારી વચ્ચે હોવું એ સૌભાગ્યની વાત છે. તેમણે કહ્યું કે, સંધ્યાક જેનો શાબ્દિક અર્થ થાય છે 'વિશેષ શોધ કરનાર'. હકીકતમાં ચાર અત્યાધુનિક સર્વેક્ષણ જહાજોના વિશાળ વર્ગના પ્રથમ જહાજ માટે આ યોગ્ય નામ છે.તેમણે કહ્યું કે, આ યોજના આપણી સરકાર અને નેવી દ્વારા સમુદ્રમાં કામ કરવાની શ્રેષ્ઠ જરૂરિયાતના વધતા મહત્વને ઉજાગર કરે છે.નેવી ચીફે કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે, સમુદ્રમાં નકશો અથવા ચાર્ટ કેટલો મહત્વપૂર્ણ છે. ગૂગલ મેપ અથવા સિરી જેવી કોઈ મોબાઈલ એપ્લિકેશન નથી જે આપણને આપણા ગંતવ્ય સુધી લઈ જાય. તેથી આપણે સંધાયક જેવા સર્વેક્ષણ જહાજો દ્વારા બનાવેલા ચાર્ટ અને નકશાની જરૂર છે જે માત્ર નેવીના જહાજો માટે જ નહીં પરંતુ વ્યાપારી જહાજો માટે પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે માર્ગને સંભવ અને સરળ બનાવે છે.

તેમણે જણાવ્યું કે, આ જહાજોની પ્રાથમિક ભૂમિકા બંદરો અને બંદરોના સંપૂર્ણ પાયે દરિયાઈ અને ઊંડા પાણીના હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણો કરવાનું રહેશે. આ ઉપરાંત આકસ્મિક સંજોગોમાં જહાજોનો હોસ્પિટલ જહાજો તરીકે પણ ઉપયોગ કરી શકાય છે.

આપનો આજનો દિવસ

- મેષ : આપે તન મન ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. બેંકના વીમા કંપનીના શેરોના કામમાં ધ્યાન રાખવું.
- વૃષભ : આપના મહત્ત્વના કામનાં ઉકેલ આવવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. ઇચ્છિત વ્યક્તિ સાથે મિલન-મુલાકાત થાય.
- મિથુન : રાજકીય સરકારી કામમાં, કોર્ટ કચેરીના કામમાં વ્યસ્ત રહેવાનું બને. આકસ્મિક ખર્ચ ખરીદીને લીધે નાણાંભીડ જણાય.
- કર્ક : આપની બુધ્ધિ અનુભવ આવડત મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો. આપના કાર્યની કદર પ્રશંસા થાય.
- સિંહ : જમીન મકાન વાહનની લે-વેચના કામમાં રૂકાવટ વિલંબ જણાય. ઘર-પરિવારના પ્રશ્ને ચિંતા ખર્ચ જણાય.
- કન્યા : દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં સાનુકુળતા મળી રહે. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સાથ સહકાર રહે.
- તુલા : આપના કામમાં સાનુકુળતા જણાય. સામાજિક વ્યવહારિક કામકાજ અંગે દોડધામ શ્રમ ખર્ચ રહે.
- વૃશ્ચિક : માનસિક પરિતાપ-વ્યગ્રતા છતાં આપના કામમાં વ્યસ્ત રહો. મહત્ત્વના કાર્યનો ઉકેલ આવવાથી રાહત રહે.
- ધન : હરિફવર્ગ ઈર્ષ્યા કરનાર વર્ગ આપની મુશ્કેલીમાં વધારો કરે. આપના ગ્રાહક વર્ગને તોડવાના પ્રયાસો થાય. ખર્ચ જણાય.
- મકર : આપના કાર્યમાંઆકસ્મિક સરળતા સાનુકુળતા મળી રહે. આપના કાર્યની કદર પ્રસંસા થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે.
- કુંભ : દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. ધીરે ધીરે કામનો ઉકેલ આવતા રાહત થતી જાય.
- મીન : નોકરી ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું થાય. અડોશ પડોશના કામકાજ અંગે દોડધામ વ્યસ્તતા રહે.

અત્યાર સુધી ૧૩ કરોડથી વધુનું દાન ટ્રસ્ટને મળ્યું છે

ભક્તો રામલલાના દર્શનની સાથે મંદિરની દાનપેટીઓ પણ છલકાવી રહ્યા છે

મંદિરમાં અત્યાર સુધી ૪ કરોડ રૂપિયા ઓનલાઈન મળ્યા

પ્રાણ પ્રતિષ્ઠા બાદ અયોધ્યામાં ઉત્સાહ સમાતો નથી

અયોધ્યા,

અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ તેને ૧૩ દિવસનો સમય થયો છે. ૨૩ જાન્યુઆરીએ સામાન્ય જનતા માટે મંદિર ખુલતા જ ભક્તોનું ઘોડાપુર પાવનનગરીમાં ઉમટી રહ્યું છે. એટલા ભક્તો પ્રભુ રામના દર્શન માટે ઉમટ્યા છે કે મંદિરની દાનપેટીઓ ઉભરાઈ ગઈ છે. દાન હજારો કે લાખોમાં નહીં પરંતુ કરોડમાં પહોંચી ગયું છે. ત્યારે જુઓ અયોધ્યામાં ૧૩ દિવસમાં કેટલા ભક્તો ઉમટ્યા? કેટલું મળ્યું દાન?

૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા બાદ અયોધ્યામાં ઉત્સાહ સમાતો નથી. સમગ્ર દેશના ભક્તો પ્રભુના દર્શન માટે ગાંડા-ઘેલા થઈ ગયા છે. ૨૩ જાન્યુઆરીએ સામાન્ય જનતા માટે મંદિર ખોલાતા જ દેશભરના લાખો ભક્તો રામલલાના દર્શન કરવા માટે ઉમટી પડ્યા છે. દેશના દરેક ખૂણેથી ઉમટેલા ભક્તોની એક જ આશ છે કે રામલલાની દિવ્ય, ભવ્ય અને નવ્ય મનોહર મૂર્તિના દર્શન કરી જીવન ધન્ય બનાવી દઈએ.

ભક્તો રામલલાના દર્શનની સાથે મંદિરની દાનપેટીઓ પણ છલકાવી રહ્યા છે. અત્યાર સુધી ૧૩ કરોડથી વધુનું દાન ટ્રસ્ટને મળ્યું છે. રોજનું લગભગ એક કરોડથી વધુનું દાન ભક્તો આપી રહ્યા છે. અત્યાર સુધી ૩૦ લાખ જેટલા ભક્તોએ અયોધ્યામાં દર્શન કરી ધન્યતાની અનુભૂતિ કરી છે. અને હજુ પણ ભક્તોનો ધસારો સતત ચાલુ જ છે.

દાનપેટીઓની સાથે જે લોકો અયોધ્યા પહોંચી શક્યા નથી તેઓ ઓનલાઈન પણ દાન કરી રહ્યા છે. મંદિરમાં અત્યાર સુધી ૪ કરોડ રૂપિયા ઓનલાઈન મળ્યા છે. પ્રાણ પ્રતિષ્ઠાના બીજા દિવસે ૩ કરોડ ૧૭ રૂપિયા દાન આવ્યું હતું. રામ ભક્તોનો ઉત્સાહને જોતા મંદિર ટ્રસ્ટ દ્વારા પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરમાં દાનપેટીઓની સાથે ૧૦ કોમ્પ્યુટર વાળા હાઈટેક ડોનેશન કાઉન્ટર ઉભા કરવામાં આવ્યા છે. જેનું સંચાલન મંદિર ટ્રસ્ટના મોટા કર્મચારીઓ કરી રહ્યા છે. દાનપેટીઓમાં એટલું દાન આવી રહ્યું છે કે દાનપેટીઓમાંથી પૈસા ગણવા માટે ખાસ ૧૪ સભ્યોની ટીમ બનાવવાની ફરજ પડી છે. જેમાં ૧૧ બેંકના કર્મચારી છે.

ભારતમાં એવા અનેક મંદિરો છે જ્યાં કરોડોનું દાન દરેક વર્ષે આવે છે. આ મંદિરોમાં તિરુપતિ બાલાજી મંદિર, પદ્મનાભ સ્વામી મંદિર, શિરડી સાઈબાબા મંદિર, વૈષ્ણો દેવી મંદિર અને મુંબઈના સિદ્ધી વિનાયક મંદિરનો સમાવેશ થાય છે. પરંતુ જેરીતે અયોધ્યામાં ભક્તોનો જમાવડો જોવા મળી રહ્યો છે તે જોતા એવું કહી શકાય કે આ તમામ મંદિરનો રેકોર્ડ અયોધ્યાનું રામ મંદિર તોડી નાંખશે. દાન અને દર્શનાર્થીઓમાં રામ મંદિર દેશમાં પહેલા નંબરે આવી જશે. અયોધ્યામાં ભક્તો દાનપેટીમાં દાન કરી રહ્યા છે તેની સાથે પ્રાણ પ્રતિષ્ઠા વખતે જે દાન આપ્યું તેનો આંકડો જોડી દેવામાં આવે તો અત્યારથી જ રામ મંદિર પહેલા નંબરે પહોંચી જાય તેમ છે.

દેશનો દરેક વ્યક્તિ હાલ અયોધ્યા પહોંચી પ્રભુના દર્શન કરવા ઈચ્છુક છે. ટુર ઓપરેટર પણ અયોધ્યા જવાનું મોટા પ્રમાણમાં આયોજન કરતા જોવા મળી રહ્યા છે. રામ મંદિર બનતાની સાથે જ અયોધ્યાની તસ્વીર જ બદલાઈ ગઈ છે. ચારે બાજુ જય શ્રી રામના જયઘોષની સાથે રોજગારના પણ નવા અસવર ખુલી ગયા છે.

હેમંતની ધરપકડ પર સિબ્બલ ભડક્યા

EDને ભાજપના નેતાઓ કેમ નથી દેખાતા : સિબ્બલ

કપિલ સિબ્બલે કહ્યું કે વિપક્ષની ચૂંટાયેલી સરકારને પછાડવા એજન્સીનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે

નવી દિલ્હી,

વરિષ્ઠ વકીલ અને રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની ધરપકડને લઈને ED પર સવાલો ઉઠાવ્યા છે અને આરોપ લગાવ્યો છે કે ચૂંટાયેલી સરકારને તોડી પાડવા માટે એજન્સીનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યારે ઈડી કેમ તે નથી જોતી. તેમણે કહ્યું કે એક ધ્યેય વિપક્ષને નિશાન બનાવવાનો છે જેથી કરીને તેઓ ચૂંટણીમાં પ્રચાર ન કરી શકે અને તેની અસર ચૂંટણી પર પડશે અને તેઓ ફરી સત્તામાં આવી શકે છે.

કપિલ સિબ્બલે કહ્યું, "અગાઉ પણ મેં તમને ઘણા નામો જણાવ્યા છે, જેમણે ચૂંટણી લડી છે અને પોતે જણાવ્યું છે કે તેમની સામે કયા કેસ છે. ઈડ્ડ પાસે આવા ઘણા કેસોની માહિતી છે જે ભાજપ સાથે સંબંધિત છે, આવા ઘણા રાજ્યોમાં, તો પછી ઈડ્ડ ભાજપ સામે કાર્યવાહી કેમ નથી કરતી? સિબ્બલ આ મામલે ગુસ્સે થયા હતા અને ઈડી પર ભાજપના ઈશારે ચાલવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે કહ્યું કે, "તેમનું (ભાજપ) એક જ ધ્યેય છે, વિપક્ષને ટાર્ગેટ કરીને સત્તા પરથી હટાવવાનું, તેમણે (વિપક્ષે) લોકસભા ચૂંટણીમાં પ્રચાર ન કરવો જોઈએ, જો તેઓ પ્રચાર નહીં કરે તો તેની ખરાબ અસર ચોક્કસપણે થશે.

કપિલ સિબ્બલે કહ્યું, "હેમંત સોરેનની ધરપકડ બાદ હવે તેઓ કહે છે કે ઠીક છે, અમે રિમાન્ડ માટે અરજી કરી છે. હવે તેઓ તેને પમી ફેબ્રુઆરીએ રિમાન્ડ પર લેશે અને ત્યારબાદ તેઓ તેને નિવેદન આપવા જણાવશે. પછી તેઓ કોર્ટને કહેશે કે જુઓ, આ માણસના નિવેદનથી પુષ્ટિ થાય છે, જે પહેલેથી જ ગુનેગાર છે.

ED અંગે તેમણે કહ્યું કે, "આ સંસ્થા પાસે એટલી વિશ્વસનીયતા છે. લોકોને ફસાવવાનો, સરકારોને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે વર્તમાન મુખ્યમંત્રીઓ બનાવટી પુરાવાના આધારે આરોપી છે. આ દેશમાં ખૂબ જ દુઃખદ સ્થિતિ છે અને તેનો અંત ક્યાં આવશે? સિબ્બલે દાવો કર્યો હતો કે સરકાર રાજ્યોમાં કોઈ વિપક્ષ કે પોતાના મુખ્યમંત્રી ઈચ્છતી નથી. તેમણે આરોપ લગાવ્યો કે, "તેઓ (દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ) કેજરીવાલ વિરુદ્ધ આવું કરશે."

સિબ્બલે દાવો કર્યો કે, "હવે શું થશે કે હેમંત સોરેન કસ્ટડીમાં હશે ત્યારે તેના પર વધુ ૧૦ કેસ લાદવામાં આવશે. આ તમામ કેસ એટલા માટે કરવામાં આવ્યા છે કે તે જેલમાંથી બહાર ન આવે અને તેમને (ભાજપ) ૨૦૨૪ (લોકસભા ચૂંટણી)માં લાભ મળે. તેમણે કહ્યું, આ એક આદિવાસી સાથે કરવામાં આવી રહ્યું છે જેની "બનાવટી આરોપો" પર ધરપકડ કરવામાં આવી છે.

કેન્દ્રશાસિત પ્રદેશને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળે તેવી માગ

કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં હજારો લોકો રસ્તા પર ઉતર્યા

લદ્દાખ,

દેશના કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. વાત જાણે એમ છે કે, લદ્દાખ જે સામાન્ય રીતે સૌથી વધુ શાંતિપૂર્ણ હોય છે ત્યાં લોકોને રસ્તા પર ઉતરતા જોઈને આશ્ચર્ય થાય છે. જોકે લોકો માત્ર રસ્તાઓ પર વિરોધ નથી કરી રહ્યા પણ તેમની એક ખાસ માંગ છે. લદ્દાખના લોકોનું કહેવું છે કે, કેન્દ્રશાસિત પ્રદેશને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ. નોંધનીય છે કે, ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ લદ્દાખને જમ્મુ અને કાશ્મીરથી અલગ કરીને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો.

લદ્દાખમાં હજારો લોકોના પ્રદર્શનને કારણે મોટા પાયે દુકાનો બંધ કરવામાં આવી છે. વિરોધનું નેતૃત્વ લેહ એપેક્સ બોડી (LAB) અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (KDA) દ્વારા કરવામાં આવી રહ્યું છે. વિરોધની હદનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, માઈનસ ૨૦ ડિગ્રી તાપમાનની હાડ થીજવી દે તેવી કડકડતી ઠંડીમાં પણ સ્ત્રી-પુરુષો રસ્તા પર ઉતરીને વિરોધ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ચાલો જાણીશું કે, લદ્દાખમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન પાછળનું સાચું કારણ શું છે.

વાત જાણે એમ છે કે, ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫છ દૂર કરવામાંઆવી હતી ત્યારે રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચવામાં આવ્યું હતું. આમાંથી એક જમ્મુ અને કાશ્મીર હતું જે વિધાનસભા સાથે કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું હતું. આ સાથે લદ્દાખને વિધાનસભા વગરનો કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો. શરૂઆતમાં લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા પછી તેમાં બહુ વિરોધો થયા ન હતા પરંતુ ધીમે ધીમે વિરોધના અવાજો ઊંચા થવા લાગ્યા, જેનું પરિણામ તાજેતરના વિરોધ છે.

વાસ્તવમાં લદ્દાખના લોકોનું કહેવું છે કે, તેઓને પૂર્ણ રાજ્યનો દરજ્જો જોઈએ છે. લોકો અહીંની નોકરિયાતશાહીથી કંટાળી ગયા છે અને જનતાને તેમના પ્રતિનિધિઓને ચૂંટવાની તક મળવી જોઈએ તેવી માંગ કરી છે. આ ત્યારે જ શક્ય બનશે જ્યારે રાજ્ય પૂર્ણ રાજ્ય બનશે. LAB અને KDA લદ્દાખના બે પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે અને આ દિવસોમાં તેઓ લોકોને ભેગા કરીને પ્રદર્શનનું નેતૃત્વ કરી રહ્યા છે. બંને ઓગસ્ટ ૨૦૨૧માં સાથે આવ્યા હતા જેથી વિરોધનો અવાજ ઉઠાવી શકાય. લદ્દાખમાં વિરોધ કરી રહેલા લોકોની મુખ્ય માંગણીઓ કેન્દ્રશાસિત પ્રદેશને સંપૂર્ણ રાજ્ય બનાવવા, બંધારણની છઠ્ઠી સૂચિને લાગુ કરવા અને લેહ અને કારગિલ જિલ્લાઓ માટે અલગ સંસદીય બેઠકો સ્થાપિત કરવાની છે.

૫૦૦ કરોડના ખર્ચે સરદાર ધામનું નિર્માણ થશે

અંત્રોલી ખાતે સરદાર ધામનો ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો

૩૧ વીઘા જેટલી વિશાળ જગ્યામાં તૈયાર થનાર સરદાર ધામમાં તમામ આધુનિક શૈક્ષણિક સુવિધા ઉભી કરાશે

સુરત,

સુરતના અંત્રોલી ખાતે સરદાર ધામનું ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો હતો. ૫૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સરદાર ધામના ભૂમિ પૂજન કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીઓ, પાટીદાર સમાજના દાતાઓ તેમજ પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સુરતના કામરેજ તાલુકાના અંત્રોલી ખાતે સરદાર ધામનો ભૂમિ પૂંજન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા, કેન્દ્રીય પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ મંત્રી પરષોત્તમ રૂપાલા, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા સહિત રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર સરદાર ધામના ભૂમિ પૂજન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સરદાર ધામ તૈયાર કરવામાં માટે લાખો-કરોડો રૂપિયાનું દાન આપનાર દાનવીરોનું મંચ ઉપર સ્વાગત કરવામાં આવ્યું હતું.

કામરેજના અંત્રોલી ગામની સીમમાં ૩૧ વીઘા જેટલી વિશાળ જગ્યામાં તૈયાર થનાર સરદાર ધામમાં તમામ આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવામાં આવશે. તેના ફેઝમાં ૫૦૦ કરોડના ખર્ચે સરદાર ધામ તૈયાર કરવામાં આવશે. જેમાં ૨૦૦૦ દીકરા-દીકરીઓ માટે છાત્રાલય, સિવિલ સર્વિસ કેન્દ્ર, જ્યુડીશરી, સપોર્ટ કોમ્પલેક્સ, ડિફેન્સ એકેડેમી, સ્કીલ ડેવલપમેન્ટ, વર્કશોપ સહિતની તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. સરદાર ધામના મુખ્ય દાતા જયંતીભાઈ બાબરીયા, સરદાર ધામના પ્રમુખ ગગજી ભાઈ સુતરીયા અને અગ્રણી દાતાઓના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ સાથે ભૂમિપુંજન કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ શુભેચ્છા પાઠવતા કહ્યું કે, કમાયેલા રૂપિયા સારા રસ્તે જઈ રહ્યાં છે. સમાજના દરેક આગેવાનો અભિનંદનને પાત્ર છે. આ સરદાર ધામમાં સરદાર પટેલની વિશાળ પ્રતિમા, ૨૦૦૦ દીકરા, દીકરીઓ માટે હોસ્ટેલ, સમાજ સેતુ ભવનો, સિવિલ સર્વિસ સેન્ટર, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ,સ્પોટ એકડેમી સહિતની સુવિધાઓ ઉભી કરાશે.

યુકેમાં છ વર્ષમાં ૪૮ ભારતીય વિદ્યાર્થીઓના મોત

ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા અને UK સૌથી જોખમી દેશ

૨૦૧૮થી અત્યાર સુધીમાં કેનેડામાં સૌથી વધુ ૯૧ ભારતીય સ્ટુડન્ટના જુદી જુદી ઘટનાઓમાં મોત થયા

નવી દિલ્હી,

ભારતમાંથી હાયર એજ્યુકેશન માટે દર વર્ષે હજારો સ્ટુડન્ટ વિદેશ જઈ રહ્યા છે. તેમાં પણ અમેરિકા, કેનેડા અને યુકે જેવા દેશો ભારતીય વિદ્યાર્થીઓમાં સૌથી ફેવરિટ છે. પરંતુ આ દેશોમાં વિદ્યાર્થીઓ સાથે ઘણી દુર્ઘટનાઓ અથવા બીજી ઘટનાઓ પણ બનતી રહે છે જેમાં ઘણા ભારતીય વિદ્યાર્થીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. સરકારે લોકસભામાં આપેલી માહિતી પ્રમાણે છેલ્લા છ વર્ષમાં કુલ ૪૦૩ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં મૃત્યુ પામ્યા છે. સરકારે આપેલી માહિતી પ્રમાણએ ૨૦૧૮થી અત્યાર સુધીમાં કેનેડામાં સૌથી વધુ ૯૧ ભારતીય સ્ટુડન્ટના મોત થયા છે જ્યારે યુકે બીજા ક્રમે છે. યુકેમાં છ વર્ષમાં ૪૮ ભારતીય વિદ્યાર્થીઓ મોત પામ્યા છે.

ભારતીય સ્ટુડન્ટના મોત પાછળ અલગ અલગ કારણો છે. તેમાં મોટા ભાગે દુર્ઘટના, આત્મહત્યા અથવા મેડિકલ કારણો જવાબદાર છે. વિદેશમંત્રી એસ જયશંકરે સંસદમાં જણાવ્યું કે વિદેશમાં ભારતીય વિદ્યાર્થીઓના હિત જોવા એ સરકારની મુખ્ય પ્રાથમિકતા છે.

એસ જયશંકરે આપેલી માહિતી પ્રમાણે કેનેડામાં ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૯૧ ભારતીય સ્ટુડન્ટ મૃત્યુ પામ્યા છે જ્યારે યુકેમાં ૪૮, રશિયામાં ૪૦, અમેરિકામાં ૩૬ અને ઓસ્ટ્રેલિયામાં ૩૫ ભારતીય સ્ટુડન્ટના મોત થયા છે. આ ઉપરાંત યુક્રેનમાં ૨૧ અને જર્મનીમાં ૨૦ મૃત્યુ નોંધાયા છે. આંકડા એવું પણ દેખાડે છે કે સાઈપ્રસમાં ૬ વર્ષમાં ૧૪ સ્ટુડન્ટ, ફિલિપાઈન્સ અને ઈટલીમાં ૧૦-૧૦ અને કતાર, ચીન તથા કિર્ગિઝિસ્તાન ત્રણેયમાં ૯-૯ ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. તાજેતરમાં યુકે અને અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ પામ્યા હોય તેવી પણ ઘટનાઓ બની છે. જેમ કે લંડનની થેમ્સ નદીમાંથી ભારતીય સ્ટુડન્ટના ડેડ બોડી મળી આવ્યા હોય તેવી બે ઘટનાઓ બહાર આવી છે. તેવી જ રીતે ગયા સપ્તાહમાં નીલ આચાર્ય નામના સ્ટુડન્ટનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યાર પછી સિનસિનાટીમાં શ્રેયસ રેડ્ડી નામના વિદ્યાર્થીનું બોડી મળી આવ્યું હતું. આ તમામ ઘટનાઓમાં કોઈ ષડયંત્ર ન હતું અને કુદરતી કારણોથી મોત થયા હતા તેવું સરકાર માને છે.

ગયા વર્ષે નવેમ્બરમાં આદિત્ય અદલખા નામના એક ૨૬ વર્ષીય ભારતીય સ્ટુડન્ટનું યુનિવર્સિટી ઓફ સિનસિનાટી ખાતે મૃત્યુ થયું હતું. આદિત્યને ઓહાયોમાં તેની કારમાં જ ગોળી મારવામાં આવી હતી. આ હોનહાર વિદ્યાર્થી અમેરિકામાં મોલેક્યુલર અને ડેવલપમેન્ટલ બાયોલોજી પ્રોગ્રામમાં પીએચડી કરી રહ્યો હતો. બીજા એક કેસમાં યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો અકુલ ધવન નામનો વિદ્યાર્થી પણ જાન્યુઆરીમાં મૃત્યુ પામ્યો હતો. આ સ્ટુડન્ટની ઉંમર ૧૮ વર્ષ હતી અને માઈનસ ૧૭ ડિગ્રી તાપમાનમાં તે ઠંડીના કારણે મૃત્યુ પામ્યો હતો. કેનેડા, અમેરિકા અને યુકેમાં કેટલાક સ્ટુડન્ટના મોત પાછળ આત્મહત્યા પણ જવાબદાર હોઈ શકે છે. આ ઉપરાંત રસ્તો ક્રોસ કરતી વખતે એક્સિડન્ટ થવાથી અથવા નદીમાં તરતી વખતે ડૂબી જવાથી પણ ભારતીય સ્ટુડન્ટના મોત નિપજ્યા હોય તેવી ઘટનાઓ અમેરિકા, યુકે અને ઓસ્ટ્રેલિયામાં નોંધાઈ છે. ઘણા કિસ્સામાં ભારતીય વિદ્યાર્થીઓનું વિદેશમાં મૃત્યુ થાય ત્યાર પછી ઘટનાની યોગ્ય તપાસ થઈ ન હોવાની પણ ફરિયાદો થઈ છે. આ ઉપરાંત સ્ટુડન્ટના મૃતદેહને ભારત લાવવાનો ખર્ચ એટલો બધો હોય છે કે પરિવારજનોએ કેટલીક વખત ક્રાઉડ ફંડિંગનો ઉપયોગ કરવો પડે છે.

યુપીના મેરઠમાંથી ઝડપાયો પાક. એજન્ટ

ISI વતી કામ કરી રહેલો પાકિસ્તાની એજન્ટ ઝડપાયો

સત્યેન્દ્ર સિવાલે સંરક્ષણ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને લશ્કરી ઠેકાણાઓની ગુપ્ત માહિતી પૂરી પાડી હતી

મેરઠ,

ઉત્તર પ્રદેશ એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ દ્વારા મેરઠમાંથી ઝડપવામાં આવેલા ISI એજન્ટ સત્યેન્દ્ર સિવાલે પાકિસ્તાને ભારતની શું શું ગુપ્ત વાતો આપી છે તેનો ખુલાસો થયો છે.

સત્યેન્દ્ર સિવાલે ભારતના સંરક્ષણ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને લશ્કરી ઠેકાણાઓની ગુપ્ત માહિતી પૂરી પાડી હતી.

પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના હેન્ડલર્સ વિદેશ મંત્રાલયના કેટલાક કર્મચારીઓને પૈસા અને બીજી લાલચ આપીને ભારતની કેટલીક મહત્વપૂર્ણ ગુપ્ત માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. યુપી એટીએસને આ અંગે માહિતી મળી હતી અને તેથી એટીએસ

CINEJAGAT

શ્રીદેવીના મોત મુદ્દે જાસૂસ મહિલાએ 'ખોટા' દસ્તાવેજો રજૂ કર્યા : સીબીઆઈ

જાસૂસ દિપ્તીએ પીએમ મોદી અને રાજનાથ સહિતના લોકોના નકલી દસ્તાવેજો દર્શાવી શ્રીદેવીના મોતને રહસ્યમય ગણાવ્યું હતું

બોલિવૂડની એક સમયની સુપરસ્ટાર અભિનેત્રી શ્રીદેવીનું વર્ષ ૨૦૧૮માં દુબઈમાં એક હોટેલમાં મોત થયું હતું. આ મોત રહસ્યમય હોવાનું હજુ પણ કેટલાક લોકોનું માનવું છે. શ્રીદેવીના મોત અંગે એક યૂ-ટયુબ વીડિયોમાં પોતાને ખાનગી જાસૂસ ગણાવતી મહિલાએ વડાપ્રધાન મોદી અને રાજનાથ સહિત ટોચના ગણમાન્ય વ્યક્તિઓના નકલી દસ્તાવેજો દર્શાવવા બદલ સીબીઆઈએ તેની સામે કેસ દાખલ કર્યો છે.

બોલિવૂડની દિવંગત સુપરસ્ટાર અભિનેત્રી શ્રીદેવીનું ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ દુબઈની એક હોટેલમાં બાથટબમાં નિધન થઈ ગયું હતું. કેટલાક લોકો હજુ પણ શ્રીદેવી અને સુશાંત સિંહ રાજપુતના મોતને રહસ્યમય ગણાવે છે અને તે અંગે સોશિયલ મીડિયા પર સતત ચર્ચા કરતા રહે છે.ભુવનેશ્વર નિવાસી દિપ્તી આર. પિન્નીતિ પોતાને કથિત રીતે ઈન્વેસ્ટિગેટર ગણાવે છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દાવો કર્યો હતો કે, શ્રીદેવીના મોત અંગે ભારત અને યુએઈ સરકારે ભીનુ સંકેલી લીધું છે અને તેના મોતનું સાચું કારણ બહાર આવવા દીધું છે. તેના દાવાના સમર્થનમાં પિન્નિતીએ વીડિયોમાં કેટલાક દસ્તાવેજો રજૂ કર્યા હતા.

જોકે, તેના આ વીડિયો સામે ગયા વર્ષે મુંબઈ નિવાસી વકીલ ચાંદની શાહની ફરિયાદના આધારે સીબીઆઈએ દિપ્તી આર. પિન્નિતી અને તેના વકીલ ભરથ સુરેશ કામથ વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. શાહે આક્ષેપ કર્યો હતો કે, પિન્નીતિએ વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના પત્રો, સુપ્રીમ કોર્ટ સંબંધિત દસ્તાવેજ અને યુએઈ સરકારના રેકોર્ડ સહિત કેટલાક દસ્તાવેજો રજૂ કર્યા હતા, જે નકલી હોવાનું જણાય છે.

પોતાની સામે ફરિયાદ થઈ હોવાનું જાણતા પિન્નિતીએ કહ્યું હતું કે, મારું નિવેદન નોંધ્યા વિના સીબીઆઈ મારા વિરુદ્ધ આરોપનામું ઘડી શકે તે માનવું અવિશ્વસનીય છે. જોકે, તેણે ઉમેર્યું કે તેની સામે આરોપનામાં ઘડાયું હશે તો તે કોર્ટમાં પુરાવા રજૂ કરશે. સીબીઆઈના અધિકારીઓએ આરોપનામું ઘડતા પિન્નિનીએ કહ્યું કે, વિચારણા હેઠળના પત્ર એ જ અધિકારીઓ વિરુદ્ધ આરોપ મૂકે છે, જેમના હેઠળ સીબીઆઈ આવે છે. તેથી પુરાવા એકત્ર કરનાર એકમ બનવા માટે સીબીઆઈ પાર્ટી ઓફ કન્ફ્લિક્ટ બની જાય છે. સીબીઆઈ ગયા વર્ષે બે ડિસેમ્બરે પિન્નિનીના ઘરે દરોડો પાડીને ફોન અને લેપટોપ સહિત ડિજિટલ ડિવાઈસીસ લઈ ગઈ હતી. સીબીઆઈના રિપોર્ટ મુજબ પિન્નિનીએ યુ-ટયૂબ ચર્ચા વખતે રજૂ કરેલા દસ્તાવેજો 'નકલી' છે.

બાળકની દરેક મૂવમેન્ટ પર નજર રાખો, ઘરનો ખોરાક આપો, દરરોજ ૨ કલાક ફિઝિકલ એક્ટિવિટી કરાવો

લાંબા સમય પછી બાળકોએ સ્કૂલે જવાનું શરૂ કર્યું જ હતું કે કોવિડના કેસે માતા-પિતાની ચિંતા ફરીથી વધારી દીધી છે. હવે પેરેન્ટ્સને ૧૫ વર્ષથી નાના બાળકોની ચિંતા છે, કારણ કે આ એજ ગ્રૂપના બાળકોને દરેક વાત માટે રોકવું મુશ્કેલ હોય છે. જોકે, ડૉક્ટર્સના મુજબ બાળકોની ઈમ્યુનિટી સારી હોય છે જે તેમને કોઈ પણ બીમારીથી લડવામાં મદદરૂપ થાય છે. સિટી ભાસ્કરે શહેરના કેટલાક ડૉક્ટર્સ, ડાયટિશિયન તથા પીડિયાટ્રિશિયન સાથે વાત કરી અને જાણ્યું કે કોરોનાના વધતા સંક્રમણમાં પેરેન્ટ્સે શું કરવું જોઈએ જે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ બાળકો માટે શ્રેષ્ઠ સાબિત થાય.

બાળકને ઉગતા સૂર્યમાં બે કલાક બેસાડો અને રાત્રે સૂતા પહેલા હળદરવાળું દૂધ આપવું જોઈએ

બાળકોને વધુ પ્રમાણમાં લિક્વિડ આપવું જોઈએ, જેથી તેઓ ડિહાઈડ્રેશનનો શિકાર ના બની શકે. થોડા-થોડા અંતરાલે કંઈકને કંઈક ખાવા આપવું જોઈએ અને ગળાને રાહત અને સ્મૂધ રાખે તે પ્રકારે ગરમ ખીચડી, પૌઆ, દાળ-ભાત આપવા જોઈએ. મીઠાઈ અને કફ કરે તેવી તમામ વસ્તુ ટાળો. ચોખા વિટામિન બી માટેનો બેસ્ટ વિકલ્પ છે. શિયાળામાં સફરજન, દાડમ, બ્રોકલી, ગાજર સહિતના લીલા શાકભાજી અને ફ્રૂટ્સ બાળકોની ઈમ્યુનિટીમાં વધારો કરે છે. બાળકોને સવારે ઉગતા સૂર્યના તડકામાં બે કલાક બેસાડવા જોઈએ. રાત્રે સૂતા પહેલાં હળદરનું દૂધ આપવું જોઈએ.

બાળકોમાં ૭૦ જેટલી ઇમ્યુનિટી હોય છે અને આ ઈમ્યુનિટી જ તેમની નવા વેરિયન્ટથી બચાવશે

૧૫ વર્ષથી ઓછી વયના બાળકોને હજી સુધી વેક્સિન નથી લાગી, એવામાં તેમની સંભાળ ખૂબ જરૂરી છે. એક સર્વે અનુસાર બાળકોમાં ૭૦ જેટલી ઈમ્યુનિટી હોય છે. તેઓની ઈમ્યુનિટી જ તેમને પ્રોટેકશન આપી શકશે. ઈમ્યુનિટી જાળવવા બાળકોને પૌષ્ટિક આહાર, વર્કઆઉટ, પૂરતી ઉંઘ અને ઓછો સ્ક્રિન ટાઈમ આપવો. બાળકોમાં આ વાયરસના લક્ષણ ઉલ્ટી, ઉધરસ, સર્દી, તાવના હોય છે. ઈમ્યુનિટી જાળવી રાખવા બાળકોને ફિઝિકલ એક્ટિવિટી દિવસમાં બે કલાક કરાવો.

બે વર્ષથી ઓછી વયના બાળકોમાં કોરોના ચેન્જ ઓમ્રિકોનના લક્ષણ શોધવા મુશ્કેલ છે. આ માટે જ્યારે પણ માતા-પિતાને બાળકની એક્ટિવિટી ઓછી થઈ ગઈ છે, જમવાનું ઓછું લે છે કે લાંબો ટાઈમ સુધી સૂતું રહે છે કે પછી વીકનેસ લાગે છે તો તરત તેમને ડૉક્ટર પાસે બતાવું જોઈએ. ઘરમાં જ્યારે બધા કોવિડ પોઝિટિવ હોય તો શક્યતા છે કે બાળકને પણ કોવિડ હોય શકે. બે વર્ષથી ઓછી વયના બાળકને માતાએ બ્રેસ્ટફીડિંગ કરાવવું જોઈએ.

રથી ૫ વર્ષના બાળકને રાબ, વેજિટેબલ ખીચડી, ગોળનો શીરો આપવો જોઈએ. તેનાથી વિટામિન અને મિનરલ્સ મળી રહે છે. આ સાથે રસીના બધા ડોઝ અપાવવા જરુરી છે. તેમને ઘરનું ભોજન આપવું. નોર્મલ ડાયટ આપો અને તેમાં વેરિએશન આપો .

પથી ૧૦ વર્ષના બાળકોને જંકફૂડ કરતા સાત્વિક ભોજન આપો. ઓનલાઈન ક્લાસના કારણે સ્ક્રિન ટાઈમ વધી ગયો છે જેથી આ સમયમાં તેમનો સ્ક્રિન ટાઈમ ફિક્સ કરો. આ સાથે પેરેન્ટ્સે પણ તેમના કામનો સમય નક્કી કરીને બાળક સાથે સમય પસાર કરવો જોઈએ. જેમાં તમે ઈન્ડોર ગેમ્સ અને તેમની સાથે તમારા જીવનના એક્સપિરિયન્સ શેર કરી શકો છો.

કેન્સરથી લઈને ફેફસાંની બીમારીમાં ખૂબ જ ફાયદાકારક છે ગાજર

આપણે પોતાના ભોજનમાં કેટલાય પ્રકારની એવી વસ્તુઓ સામેલ કરીએ છીએ, જેનાથી આપણા શરીરને ફાયદો મળી શકે. આ સાથે જ આપણે કેટલાય પ્રકારના જ્યૂસનું પણ સેવન કરે છે, કારણ કે તેમાં રહેલ એન્ટી-ઑક્સીડેન્ટ્સ અને વિટામિન સી આપણી ત્વચા સહિત આપણને કેટલાય અન્ય ફાયદા પણ આપે છે. લોકો દાડમ, શેરડી, મૌસમી તથા અન્ય મિક્સ ફળોથી બનતો જ્યુસ પીવે છે. પરંતુ શું તમે જાણો છો કે ગાજર આપણા શરીર માટે કેટલુ ફાયદાકારક હોય છે. જો તમે ગાજરનો જ્યૂસ પીઓ છો તો તમને તેના કેટલાય ફાયદા મળી શકે છે. જાણો, ગાજરના ફાયદાઓ વિશે...

ગાજરનો જ્યૂસ અથવા તો જો તમે તેને સલાડ સ્વરૂપમાં પણ ખાઓ છો તો તેમાં રહેલા તત્ત્વ તમારા શરીરને મળી શકે છે. તેમાં વિટામિન-એ, સી, કે, બી-૮ સહિત કેટલાય ખનિજ મળી આવે છે. એવામાં નિયમિત રીતે ગાજરનું સેવન કરવાના અનેક ફાયદા મળી શકે છે. આપણે પોતાના ચહેરા પર ચમક લાવવા માટે કેટલાય પ્રકારના નુસ્ખા અજમાવતા હોઈએ છીએ. કેટલાય પ્રકારની મોંઘી ક્રીમ લગાવીએ છીએ, પરંતુ જો તમે દરરોજ ગાજરના જ્યુસનું સેવન કરો છો અથવા તો સલાડ ખાઓ છો તો તમારા ચહેરા પર ચમક આવી શકે છે.

ગાજર લોહીમાંથી અશુદ્ધતા દૂર કરે છે એટલા માટે તેના નિયમિત સેવનથી ચહેરા પર થતા ખીલથી છૂટકારો મળવામાં મદદ મળે છે. આ ઉપરાંત ગાજરમાં વિટામિન-એનું સારું પ્રમાણ મળી આવે છે જે આપણી આંખો માટે ઘણું જરૂરી હોય છે. એટલા માટે તેનું સેવન કરીને આંખોની રોશની પણ વધારી શકાય છે. આટલું જ નહીં, જો તમે ગાજરનું સેવન જ્યૂસ અથવા તો સલાડ સ્વરૂપમાં કરો છો તો તેનાથી લોહીમાં શુગરનું પ્રમાણ કંટ્રોલમાં રહે છે. ગાજરનું જ્યૂસ પીવાથી પણ શરીરને ફાયદો મળે છે. જો તમે ગાજરનો જ્યૂસ પીઓ છો તો તમારા શરીરમાં હીમોગ્લોબિનનું પ્રમાણ વધે છે. આ સાથે જ ગાજરનું સેવન કરવાથી શરીરની પાચન શક્તિ પણ વધે છે, કારણ કે તેમાં વધુ પ્રમાણમાં ફાઈબર મળી આવે છે. આજના સમયમાં ફેફસાં અને કેન્સર જેવી બીમારીઓનું પણ જોખમ વધી રહ્યું છે, પરંતુ જો ગાજરનું સેવન નિયમિત રીતે કરવામાં આવે તો આ જોખમને ઓછું કરવામાં ઘણી મદદ મળી શકે છે.

ગાજરમાં કેરોટીનૉઈડ હોય છે અને આ હૃદય રોગ માટે ઘણું યોગ્ય માનવામાં આવે છે. ગાજર ખાવાથી દાંતની ચમક વધવાની સાથે જ પેઢામાંથી નીકળતું લોહી પણ બંધ થઈ શકે છે. તેમાં બીટા કેરોટીન હોય છે જે ઈમ્યૂન સિસ્ટમ માટે ફાયદાકારક હોય છે. ત્યારે જો તમારી ખાંસી બંધ નથી થઈ રહી તો તમે ગાજરનો રસ કાઢીને તેમાં બ્લેક પેપર મિક્સ કરીને પીઓ છો તો ખાંસીમાં ઘણો આરામ મળે છે. આ સાથે જ ગાજર શરીરમાં લોહીનું પ્રમાણ વધારવાનું પણ કામ કરે છે.

SPORT

ઈંગ્લેન્ડ સામે ૩૯૯નો ટાર્ગેટ

બીજી ઈનિંગમાં ભારત ૨૫૫ રનમાં ઓલઆઉટ

વિશાખાપટ્ટનમ,

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટમેચમાં ભારત બીજા દાવમાં ફસકી ગયું છે. શુભમન ગિલની સદીના સહારે બીજા દાવમાં ભારત ૨૫૫ રનમાં ઓલ આઉટ થઈ ગયું છે અને ઈંગ્લેન્ડ સામે ૩૯૯નો ટાર્ગેટ આપ્યો છે. ભારતે આજે વગર વિકેટે શરૂઆત કરી હતી અને ઈંગ્લેન્ડ સામે બહુ મોટો લક્ષ્યાંક મૂકશે તેવી આશા હતી, જે ઠગારી નીવડી છે.

જોકે, ૩૯૯ રન પણ એક સારો ટાર્ગેટ છે અને ભારત પાસે વિશાખાપટ્ટનમમાં બીજી ટેસ્ટ મેચ જીતવાનો ચાન્સ છે. હૈદરાબાદમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારત નબળો દેખાવ કરીને હારી ગયું હતું. હાલમાં રમાઈ રહેલી ટેસ્ટમાં ભારતે પ્રથમ દાવમાં યશસ્વી જયસ્વાલની બેવડી સદીની મદદથી ૩૯૬ રન બનાવ્યા હતા જ્યારે ઈંગ્લેન્ડની ટીમ પ્રથમ દાવમાં ૨૫૩ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. તેથી ભારતને લીડ મળી હતી.

બીજા દાવમાં ભારત ઈંગ્લેન્ડ સામે આસાનીથી ૪૫૦ રનનો ટાર્ગેટ મૂકશે તેવી અપેક્ષા હતી, પરંતુ ગિલ સિવાય કોઈ બેટ્સમેન ચાલ્યા નથી. ગિલ છેલ્લી ૧૦ ઈનિંગથી નિષ્ફળ જઈ રહ્યો હતો પરંતુ આજે તેણે સદી ફટકારવામાં સફળતા મેળવી છે.

કેપ્ટન રોહિત શર્મા અને જયસ્વાલ આજે સવારે તરત આઉટ થઈ ગયા હતા. રોહિત શર્માએ ૧૩ રન અને જયસ્વાલે ૧૭ રન બનાવ્યા હતા. ત્યાર પછી ગિલે ૧૦૪ રન, શ્રેયસ ઐયરે ૨૯, અક્ષર પટેલે ૪૫ રન અને અશ્વિને ૨૯ રનનું યોગદાન આપ્યું હતું. ભારતના છેલ્લા બે બેટ્સમેન - કુલદીપ યાદવ, અને બુમરા શૂન્ય રને આઉટ થઈ ગયા હતા જ્યારે મુકેશ કુમાર શૂન્ય રન પર નોટઆઉટ રહ્યો હતો.

ભારતે ઈંગ્લેન્ડ સામે વિજય માટે ૩૯૯ રનનો ટાર્ગેટ મૂક્યા પછી ઝેક ક્રોલી અને બેન ડકેટ ઓપનિંગમાં ઉતર્યા છે. એક સમયે ભારતના ૫ વિકેટે ૨૧૧ રન હતા અને સારો સ્કોર બને તેમ હતો. પરંતુ ત્યાર પછી શ્રીકર ભારત અને રજત પાટીદાર બે આંકડામાં પણ પહોંચી શક્યા ન હતા અને માત્ર ૪૪ રનમાં બાકીની પાંચ વિકેટો ખરી પડી હતી.

ઈંગ્લેન્ડ તરફથી ટોમ હાર્ટલીને સૌથી વધુ ૪ વિકેટો મળી હતી જ્યારે રેહાન અહમદને ત્રણ વિકેટ મળી હતી. આજે મેચનો ત્રીજો દિવસ છે અને હજુ બે દિવસની ગેમ બાકી છે તેથી ટેસ્ટ મેચનો રિઝલ્ટ આવશે તે નક્કી જણાય છે.

ઈંગ્લેન્ડે આજના ત્રીજા સત્રમાં ખળભળાટ મચાવી દીધો તેમ કહી શકાય. આજે રવિચંદ્રન અશ્વિને છેલ્લે જે બેટિંગ કરી તેના પરથી ભારતને આશા બંધાઈ હતી. અશ્વિને ઈનિંગની ૭૭મી ઓવરમાં રેહાન અહેમદના બોલ પર સિક્સર ફટકારીને ભારતના સ્કોરને બીજી ઈનિંગમાં ૨૫૦ રનથી પાર કરી દીધો હતો. જોકે, ત્યાર પછી ફટાફટ વિકેટો પડી ગઈ હતી અને ૨૫૫ રનમાં ભારતની ટીમ ઓલ આઉટ થઈ ગઈ હતી.

કેન વિલિયમસને ટેસ્ટમાં સદી ફટકારી ડોન બ્રેડમેનનો રેકોર્ડ તોડ્યો

સાઉથ આફ્રિકા સામે બે ઓવલ ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના પહેલા જ દિવસે કેન વિલિયમસને સદી ફટકારી હતી. આ સદી સાથે તેણે ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. મેચના અંત સુધીમાં, વિલિયમસન ૧૧૨ રન બનાવી અણનમ રહ્યો હતો. આ સદી સાથે વિલિયમસને માત્ર વિરાટ કોહલી જ નહીં પરંતુ ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેનને પણ પાછળ છોડી દીધો છે.

કેન વિલિયમસને સાઉથ આફ્રિકા સામે તેના ટેસ્ટ કરિયરની ૩૦મી સદી ફટકારી હતી. જ્યારે વિરાટ કોહલીએ અત્યાર સુધી તેના ટેસ્ટ કરિયરમાં ૨૯ સદી ફટકારી છે. આ ઉપરાંત પૂર્વ ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેને પણ તેમના કરિયરમાં ૨૯ સદી ફટકારી હતી. આ સદી સાથે વિલિયમસને શિવનારાયણ ચંદ્રપોલ, મેથ્યુ હેડન અને જો રૂટની બરાબરી કરી લીધી છે.

વિલિયમસન ટેસ્ટની સૌથી ઓછી ઈનિંગ્સમાં ૩૦ સદી ફટકારનાર ચોથો બેટ્સમેન બની ગયો છે. આ મામલે તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પાછળ છોડી દીધો છે. પોન્ટિંગે તેની ૧૭૦મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેની ૩૦મી સદી ફટકારી હતી. જ્યારે વિલિયમસને તેની ૧૬૯મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેની ૩૦મી સદી ફટકારી હતી. પૂર્વ ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકર આ યાદીમાં ટોચ પર છે. સચિને ૧૫૯ ઈનિંગ્સમાં તેની ૩૦મી ટેસ્ટ સદી ફટકારી હતી.

રાત્રે ભોજન કરાય કે નહીં?:

આપણું પાચનતંત્ર બ્રહ્મકમળ જેવું છે, સૂર્યાસ્ત થાય એટલે પાચનતંત્ર બંધ થઈ જાય; રાત્રે લીધેલું ભોજન પચે નહીં ને અનેક રોગ પેદા થાય

સૂર્યની હાજરી છે ત્યાં સુધી ભોજનમાં બેક્ટેરિયા હોતા નથી, પણ સૂર્યાસ્ત પછી ખોરાકમાં જંતુઓ પેદા થઈ જાય છે

આજે ચર્ચા એક જ થાય કે કઈ વાનગી ખવાય, કઈ વાનગી ના ખવાય, ક્યાંનું શું વખણાય વગેરે વગેરે... જોકે સ્વાદપ્રિય ગુજરાતીઓમાં સામાન્ય દિવસોમાં પણ સૌથી વધારે ચર્ચા ફૂડની જ થાય. શું અને ક્યારે ખાવું જોઈએ એની વાતો થતી હોય છે, પણ શું 'ના' ખાવું જોઈએ, ક્યારે 'ના' ખાવું જોઈએ એ વાતો થતી નથી. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે રાતના સમયે ખોરાક લેવાય નહીં.

રાત પહેલાં ભોજન કરવું સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે

રાત્રિ ભોજનનો મન સાથે સંબંધ છે, પણ પાચનતંત્ર સાથે સીધો સંબંધ છે. સૂર્યાસ્ત પછી આપણી પાચનશક્તિ ધીમી પડી જાય છે, તેથી સૂર્યાસ્ત પહેલાં ખોરાક લેવાની પરંપરા જૈન અને હિન્દુ ધર્મમાં છે. એવું પણ કહેવાય છે કે આપણું પાચનતંત્ર કમળ જેવું છે. જેની તુલના બ્રહ્મકમળ સાથે કરવામાં આવી છે. કુદરતી સિદ્ધાંત એ છે કે કમળ સૂર્યના ઉદય સાથે ખીલે છે અને અસ્ત સાથે બંધ થાય છે. એ જ રીતે પાચનતંત્ર પણ સૂર્યપ્રકાશમાં ખુલ્લું રહે છે અને સૂર્યાસ્ત થાય છે ત્યારે બંધ થાય છે. આવી સ્થિતિમાં જો આપણે રાત્રે ભોજન લઈએ તો ખોરાક પાચનતંત્રની બહાર પડ્યો રહે છે. ખોરાક પચતો નથી અને અંદર જ સડી જાય છે.

આપણે રાત્રે કેમ ન ખાવું જોઈએ?

વિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો સૂર્યમાં અલ્ટ્રાવાયોલેટ અને ઈન્ફારેડ નામનાં કિરણો છે. આ કિરણોને કારણે દિવસ દરમિયાન સૂક્ષ્મ જીવો પેદા થતા નથી. સૂર્યાસ્ત થતાંની સાથે જ રાત્રે સૂક્ષ્મ સજીવોનું સર્જન શરૂ થાય છે. જો આપણે રાત્રે ભોજન કરીએ છીએ, તો એ જંતુઓ આપણા પેટમાં જાય છે, જેને કારણે અહિંસાનો ધર્મ સમાપ્ત થાય છે. બેક્ટેરિયા પેટમાં જવાને કારણે ઘણા પ્રકારના રોગો થાય છે. જૈન ધર્મમાં સૂક્ષ્મ જીવોની હિંસા પણ વર્જ્ય છે.

શું આપણે રાત્રે લાઇટ કરીને જમી શકીએ?

આનો જવાબ છે ના, કારણ કે જો દિવસ દરમિયાન કુદરતી પ્રકાશ આવે છે, તો જંતુઓ પ્રકાશની આસપાસ દેખાતા નથી, કારણ કે દિવસ દરમિયાન જંતુઓ ઓછા ઉત્પન્ન થાય છે અને તેઓ સૂર્યપ્રકાશને કારણે વૃક્ષ કે અન્યત્ર છુપાયેલા રહે છે. જ્યારે રાત્રે લાઇટ કરવામાં આવે ત્યારે વધુ જંતુઓ ઉત્પન્ન થાય છે. રાત્રે લાઈટ પ્રગટાવ્યા પછી પણ કોઈએ ખોરાક ન લેવો જોઈએ. રાત્રે ટ્યૂબલાઈટ કે બલ્બના પ્રકાશમાં જીવાત વધારે થાય છે અને એ ભોજનમાં પડવાનો ભય રહે છે.

રાત્રિ ભોજન ટાળવા માટેનાં કારણો

રાત્રે ખાવાથી પાચન પ્રક્રિયા પર ગંભીર અસર પડે છે, જેને કારણે વ્યક્તિને સારી અને શાંતિવાળી નીંદર આવતી નથી. રાતના વચ્ચે-વચ્ચે ઘણી વખત જાગવું પડે છે. રાત્રે પાણી અને ખોરાકનું સેવન કરીએ તો મૂત્ર અને મળમાં તકલીફ શરૂ થાય છે. રાતના સમયે કેવો ખોરાક લીધો છે, એના પર મળ ત્યાગનો આધાર રહેલો છે. આયુર્વેદમાં કહેવાયું છે કે જ્યારે મળ ત્યાગ થાય ત્યારે એમાં ચિકાશ ના હોવી જોઈએ. આ અનેક રોગ લાવી શકે છે. માટે રોગથી દૂર રહેવા રાત્રિ ભોજન ટાળવું જ જોઈએ. હા, સાંજે ભોજન લઈ શકાય.

તેલ, બટર, ચીઝ, ફ્રેન્ચ ફ્રાઈસ, પિત્ઝા વગેરે મોડી રાત્રે ખાવાથી પાચનતંત્રમાં જમા થાય છે. રાત્રે ખાવામાં મસાલેદાર ખોરાક સૌથી હાનિકારક છે. એનાથી વ્યક્તિ શારીરિક રીતે અસ્વસ્થતા અનુભવે છે. મસાલેદાર ખોરાક હાર્ટબર્ન, પેટ ખરાબ અને શરીર તંત્રને વધુ ખરાબ કરી શકે છે. રાતના સમયે નોનવેજ ખોરાક પણ એટલો જ હાનિકારક છે.

સંશોધન પણ આપે છે સમર્થન

સાક ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેલિફોર્નિયાના પ્રોફેસર સચિન પાંડાએ નોંધ્યું છે કે જો તમે સાંજે છ વાગ્યા પછી ખાઓ છો તો એ સ્થૂળતા અને ટાઈપ-ટુ ડાયાબિટીસના જોખમ તરફ દોરી શકે છે. રાત દરમિયાન પાચનતંત્રમાં ઓછો પાચક રસ બને છે. એને કારણે આંતરડાં સંકોચાઈ જાય છે અને ખોરાક સારી રીતે પચતો નથી.

પ્રોફેસર સચિન પાંડા જણાવે છે કે જે લોકો સૂવાના સમય પહેલાંના એક કલાકે ખાય છે તેઓ તેમના બ્લડ શુગરને નિયંત્રિત કરી શકતા નથી. સમયસર ભોજન સ્વાસ્થ્ય માટે વધુ સારું છે, કારણ કે એ આંતરડાને સુધારવાની તક આપે છે. વારંવાર ભોજનનો સમય બદલશો નહીં. પાચનની પ્રક્રિયા દરમિયાન દરરોજ આંતરડાંના દસમાંથી એક કોષને નુકસાન થાય છે. મોડી રાત્રે ખાવાનું અને વહેલી સવારે નાસ્તો કરવાથી આ કોષને રિપેર થવા અને સુધારવા માટે ઓછો સમય મળે છે, તેથી દિવસ દરમિયાન ભોજનનો સમય નક્કી કરો અને એને વળગી રહો, કારણ કે મનફાવે ત્યારે ખાવાથી પાચન પેશીઓ ખરાબ થવા લાગે છે.

'ડિનર' શબ્દ કેવી રીતે આવ્યો?

૧૩મી સદીમાં જૂની ફ્રેન્ચ ભાષાના શબ્દ 'ડાઈસરલ્લ પરથી 'ડિનરલ્લ શબ્દ ઊતરી આવ્યો હોવાનું મનાય છે. 'ડાઈસરલ્લનો અર્થ થાય ભોજન. આમ તો કોઈપણ સમયના ભોજન માટે ડાઈસર શબ્દ વપરાતો, પણ કાળક્રમે માત્ર રાતના ભોજન માટે ડિનર શબ્દ વપરાશમાં આવ્યો. એમાં પણ પ્રસંગને અનુરૂપ ફેરફાર થતા રહ્યા. કેન્ડલ લાઈટ ડિનર, ગાલા ડિનર, ટેરેસ ડિનર...

ડિનરની શરૂઆત ક્યારે થઈ? વાળુ ક્યારે થતું?

એવું કહેવામાં આવે છે કે યુરોપમાં ૧૭મી સદીમાં લુઈસ સોળમાએ પહેલીવાર રાતના ૧૦ વાગ્યે ભોજન લીધું હતું. એ પછી પણ ભોજનના સમયમાં ફેરફાર થયા. ૧૮૫૦ સુધીમાં અંગ્રેજી મધ્યમવર્ગીય લોકો ભોજન સાંજે પથી ૬ વચ્ચે લેતા હતા, પણ કામની પેટર્ન બદલાઈ અને પુરુષોને કામ પરથી પાછા આવવામાં મોડું થવા લાગ્યું તેમ-તેમ ભોજનનો સમય પાછળ ઠેલાતો ગયો.

ભારતની વાત કરીએ તો અહીં ગામડાંમાં 'વાળુલ્ક કરવાની પરંપરા હતી. સૂરજ ઢળે પછી જે ભોજન થતું એને વાળુ કહેવાતું. વાળુ શબ્દની ઉત્પતિ લોકબોલીમાંથી થઈ હોવાનું મનાય છે. ગામડાંમાં સૂર્યાસ્ત સમયે રામજી મંદિરમાં આરતી થતી. આરતી થયા બાદ તરત ગામડાંના લોકો ભોજન લેતા, પણ ત્યારે અંધારું તો થઈ જ ગયું હોય. એ વખતે સાડાસાત-આઠ વાગ્યા હોય. લોકો બહુ વહેલા જમી લેતા.

ભૂખ લાગે ત્યારે જમી લેવાનું

જાણીતા ડાયટિશિયન સારાહ પ્લફગ્રાડટ નોંધે છે કે, ભૂખ અને ભોજનને સમય સાથે લેવા-દેવા નથી. આપણી લાઈફસ્ટાઈલ એવી થઈ ગઈ છે અને માનસિકતા પણ એવી થઈ ગઈ છે કે સવારે નાસ્તો કરવાનો, બપોરે ભરપેટ ભોજન કરવાનું. સાંજે ફરી નાસ્તો અને રાત્રે ભોજન. આવું એટલે કરીએ છીએ કે આ માનસિકતા બંધાઈ ગઈ છે. વર્ષોથી રાતના સમયે જમવાની આદત પડી ગઈ હોય, એ તરત જાય નહીં. પણ પ્રયત્ન એવો કરવો કે રાત્રે બહુ મોડું નહીં, પણ વહેલું જમી લેવું.

ગૌતમ અદાણી રચશે ઈતિહાસ!

ગુજરાતમાં ૧૦ હજાર કરોડમાં વિશ્વનો કોપર પ્લાન્ટ સ્થપાશે

ભારત તાંબાના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરી રહ્યું છે, જે અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ ઘટાડવા માટે મહત્વની ધાતુ છે

અમદાવાદ,

એશિયાના બીજા સૌથી ધનિક બિઝનેસમેન ગૌતમ અદાણી ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. આ કામમાં તેઓ લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. ગૌતમ અદાણી ગુજરાતના મુન્દ્રામાં વિશ્વનું સૌથી મોટું સિંગલ લોકેશન કોપર મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવા જઈ રહ્યું છે.

માહિતી અનુસાર, આ પ્લાન્ટ ભારતની આયાત પર નિર્ભરતા ઘટાડવામાં અને ઊર્જા સંક્રમણમાં મદદ કરશે. આ બાબતની જાણકારી ધરાવતા બે સૂત્રોએ જણાવ્યું હતું કે ૧.૨ બિલિયન યુએસ ડૉલરના રોકાણથી બનેલ આ પ્લાન્ટ માર્ચના અંત સુધીમાં પ્રથમ તબક્કાનું કામકાજ શરૂ કરશે. તેમણે કહ્યું કે આ પ્લાન્ટ ૨૦૨૯ સુધીમાં ૧૦ લાખ ટનની ક્ષમતા સાથે સંપૂર્ણ પાયે કામગીરી શરૂ કરશે.

ચીન અને અન્ય દેશોની જેમ ભારત પણ તાંબાના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરી રહ્યું છે, જે અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ ઘટાડવા માટે મહત્વની ધાતુ છે. ઈલેક્ટ્રિક વાહનો (EV), ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોલાર ફોટોવોલ્ટેઈક (PV), પવન ઉર્જા અને બેટરી જેવી ઉર્જા સંક્રમણ માટે મહત્વપૂર્ણ ટેક્નોલોજીઓને તાંબાની જરૂર પડે છે. અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL)ની પેટાકંપની કચ્છ કોપર લિમિટેડ (KCL) બે તબક્કામાં વાર્ષિક ૧ મિલિયન ટન ક્ષમતાનો કોપર રિફાઈનરી પ્રોજેક્ટ સ્થાપી રહી છે.

પ્રથમ તબક્કામાં પ્રતિવર્ષ પાંચ લાખ ટનની ક્ષમતા શરૂ કરવામાં આવશે. આ માટે KCLએ જૂન ૨૦૨૨માં ધિરાણ મેળવ્યું હતું. એક સૂત્રોએ જણાવ્યું હતું કે અદાણી ગ્રૂપ રિસોર્સિસ બિઝનેસ, લોજિસ્ટિક્સ, રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં તેની મજબૂત સ્થિતિનો લાભ લઈને કોપર બિઝનેસમાં વૈશ્વિક લીડર બનવા માંગે છે. તેમણે કહ્યું કે ભારતમાં માથાદીઠ તાંબાનો વપરાશ લગભગ ૬૦૦ ગ્રામ છે, જ્યારે વૈશ્વિક સરેરાશ ૩.૨ કિગ્રા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્વચ્છ ઉર્જા પ્રણાલી તરફ ભારતની ઝુંબેશ, ઈલેક્ટ્રિક વાહનોની વધતી જતી ઘૂંસપેંઠ અને ઘણી સંબંધિત એપ્લિકેશનોને કારણે ૨૦૩૦ સુધીમાં સ્થાનિક કોપરની માંગ બમણી થવાની ધારણા છે.

અદાણી ગ્રૂપ આ પરિવર્તનમાં ભારે રોકાણ કરી રહ્યું છે, જેમાં કોપર મુખ્ય ભૂમિકા ભજવશે. સ્ટીલ અને એલ્યુમિનિયમ પછી કોપર એ ત્રીજી સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ઔદ્યોગિક ધાતુ છે. ઝડપથી વિકસતા રિન્યુએબલ એનર્જી, ટેલિકોમ અને ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગોને કારણે તેની માંગ વધી રહી છે. દેશનું તાંબાનું ઉત્પાદન આ માંગને પહોંચી વળવામાં અસમર્થ રહ્યું છે અને સ્થાનિક પુરવઠામાં વિક્ષેપને કારણે આયાતી કોપર પર નિર્ભરતા વધી છે. છેલ્લા પાંચ વર્ષથી દેશની આયાત સતત વધી રહી છે.

પાટીલે પેટાચૂંટણીમાં ટિકિટ આપવા આડકતરો સંકેત આપ્યો

ખંભાતના પૂર્વ કોંગી ધારાસભ્ય ચિરાગ પટેલ કેસરિયા કર્યા

ખંભાત,

લોકસભા ચૂંટણી પહેલા ભાજપમાં ભરતી મેળો યથાવત છે. ગઈકાલે જ વિસાવદરથી આમ આદમી પાર્ટીના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી ભાજપમાં જોડાયા હતા. ત્યારે હવે આજે ખંભાતના પૂર્વ કોંગ્રેસી ધારાસભ્ય ચિરાગ પટેલ કેસરિયા કર્યા છે. ચિરાગ પટેલ સહિત કોંગ્રેસના ૨૫૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા છે. આ તમામ લોકો ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલના હસ્તે કેસરિયા કર્યાં છે. તો સાથે જ ચિરાગ પટેલેને વિધાનસભાની પેટા ચુંટણીની ટિકિટ મળશે તેવા સંકેત પાટીલે આડકતરી રીતે આ કાર્યક્રમમાં આપ્યા.

ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે ખેસ અને ટોપી પહેરાવી ચિરાગ પટેલનો પુન ભાજપ પ્રવેશ કરાવ્યો હતો. ત્યારે ચિરાગ પટેલ ભાવુક થયા હતા. તેમણે પોતાના મત વિસ્તારમાં પાણીનો પ્રશ્ન સોલ્વ કરવા સરકાર સામે માંગણી કરી હતી. ચિરાગ પટેલને આવકારતા સીઆર પાટીલે કહ્યું કે, દેશ રામ મય હોય અને ખંભાત બાકી રહે તે ન ચાલે. ધારાસભ્ય પદેથી રાજીનામું આપવા માટે જીગર જોઈએ. ભાજપમાં જોડાયા બાદ ચિરાગ પટેલે કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. ચિરાગ પટેલ કહ્યું હતું કે, કોંગ્રેસમાં કાંઈ લેવાનું નથી. કોંગ્રેસ દિશાવિહીન બની ગઈ છે. રામ મંદિરનો વિરોધ કરે ત્યાં હું ના હોઉં. બીજી બાજુ, સી.આર પાટીલે ચિરાગ પટેલના વખાણ કરતાં કહ્યું હતું કે, ધારાસભ્ય માટે રાજીનામું આપવા કલેજુ જોઈએ. ચિરાગ પટેલને અભિનંદન. વિકાસ માટેની જ માગ કરી, કોઈ શરત નહીં. વિકાસની વાત કરતાં-કરતાં ગળગળા થઈ ગયા. ૨૦૨૨માં વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા તેને સવા વર્ષ પણ નથી થયું ત્યાં તો વિધાનસભા ભંગ થઈ ચુકી છે. ચાર ધારાસભ્યો અત્યાર સુધી રાજીનામું આપી ચુકયા છે. જેમાં વિસાવદરથી AAPના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી, ખંભાતથી કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ચિરાગ પટેલ, વિજાપુરથી કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સી. જે. ચાવડા અને વાઘોડિયાથી અપક્ષના પૂર્વ ધારાસભ્ય ધર્મેન્દ્ર સિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. જેમાં ભૂપત ભાયાણી ભાજપમાં જોડાઈ ચુકયા છે. ચિરાગ પટેલ આજે જોડાવાના છે. અન્ય બે નેતાઓ પણ ભાજપમાં જોડાય તેવી શક્યતા છે. ગુજરાત વિધાનસભામાં કુલ ૧૮૨ બેઠકો છે. જેમાંથી ભાજપને ૨૦૨૨ની ચૂંટણીમાં ૧૫૬ બેઠકો મળી હતી. કોંગ્રેસના ૧૭ જ્યારે આમ આદમી પાર્ટીને પાંચ બેઠકો મળી હતી. અન્યને ચાર બેઠકો મળી હતી. જેમાંથી કોંગ્રેસના બે ધારાસભ્યો તૂટ્યા છે. આમ આદમી પાર્ટીના એક ધારાસભ્ય જ્યારે અપક્ષના એક ધારાસભ્યએ પદ છોડી દીધું છે. જેથી હાલની ગુજરાત વિધાનસભાની સ્થિતિ કાંઈક આવી છે. ભાજપ પાસે ૧૫૬ ધારાસભ્યો, કોંગ્રેસ પાસે ૧૫ ધારાસભ્યો છે. તો આમ આદમી પાર્ટી પાસે ૪ અને અપક્ષ માટે ૩ ધારાસભ્યો છે. જે બેઠકો પરથી રાજીનામા પડ્યા છે તેના પર જલ્દી જ પેટાચૂંટણી આવી શકે છે.

યુવકે પ્રેમજાળમાં ફસાવી યુવતી પાસેથી ૫.૯૮ લાખ પડાવ્યા બાદ સબંધ તોડી નાંખ્યો

છ વર્ષ પહેલા મિત્રતા થઈ, પ્રેમનું નાટક કરી સાથે રહીને વિશ્વાસ કેળવ્યો ટુકડે ટુકડે રૂપિયા મેળવ્યા પછી તારાથી થાય તે કરી લે તેવી ધમકી આપી

અમદાવાદ,

સરસપુરમાં રહેતા યુવકે યુવતીને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ રૂપિયાની જરૂરિયાત હોવાથી રૂ. ૫.૯૮ લાખ પડાવ્યા હતા.રૂપિયા મળી ગયા પછી પ્રેમીએ યુવતી સાથે સંબંધ તોડી નાખ્યો હતો. જેથી યુવતીએ રૂપિયા પરત માંગતા પ્રેમીએ ઉડાવ જવાબ આપીને રૂપિયા પરત નહી મળે થાય તે કરી લે કહીને ધમકી આપી હતી. આ અંગે યુવતીએ પ્રેમી સહિત પરિવારના ચાર લોકો સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

ટુકડે ટુકડે રૂપિયા મેળવ્યા પછી તારાથી થાય તે કરી લે તેવી ધમકી આપી શહેરકોટડા પોલીસે પ્રેમી સહિત પરિવારજનો સામે ગુનો નોંધ્યો. સરસપુરમાં રહેતી યુવતીએ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં સરસપુરમાં રહેતા યુવક સહિત પરિવારના ચાર સભ્યો સામે ફરિયાદ નોંધાવી છે કે છ વર્ષ અગાઉ યુવક સાથે તેમની મુલાકાત થઈ હતી બાદમાં અવાર નવાર મળતા હોવાથી બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારબાદ બન્ને સાથે રહેવા લાગ્યા હતા. થોડા સમય અગાઉ આરોપી અને તેના પરિવારને રૂપિયાની જરૂર પડતા ફરિયાદી યુવતીના ઘરે જઈને અમારે રૂપિયાની જરૂરિયાત છે જેથી તું 2 લાખ આપ બાદમાં પરત આપી દઈશુ તેમ જણાવ્યું હતું. જેથી યુવતીએ વિશ્વાસ મૂકીને ટુકડે ટુકડે કુલ રૂ. ૫.૯૮ લાખ આપ્યા હતા.

એટલું જ નહી આરોપી યુવતી સાથે રહેવા માંગતો ન હોવાથી તેને સંબંધ તોડવાની વાત કરી હતી. જેથી યુવતીએ આપેલા રૂપિયા પરત માંગતા આરોપી અને તેના પરિવારે ઉડાવ જવાબ આપીને તેને રૂપિયા પરત નહી મળે થાય તે કરી લે તેવી ધમકી આપી હતી. યુવતી વારંવાર રૂપિયાની માંગણી કરતી હતી તેમ છતાં રૂપિયા પરત આપ્યા ન હતા, જેથી કંટાળીને યુવતીએ પ્રેમી અને તેના પિતા સહિત ચાર લોકો સામે શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોધાવી છે.

લાંભામાં સાસરીયાના ત્રાસથી કંટાળીને યુવકે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો

અમદાવાદ,

લાંભા ગામમાં રહેતા યુવકે સાસરીયાના ત્રાસથી કંટાળીને ઉંઘઇ મારવાની દવા પીને આપઘાત કર્યો હતો. જેમાં પત્નીને ખોટી ચઢામણી કરીને પતિ સામે ફરિયાદ કરાવી હતી, યુવક કોર્ટમાં મુદ્દતે જાય ત્યારે સાસરીવાળા ધમકીઓ આપીને ત્રાસ આપતા હતા. આ બનાવ અંગે અસલાલી પોલીસે સાસરીના ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૧૧ વર્ષથી પત્ની પિયરમાં આશરો લઈ રહી છે પતિ વિશે ખોટી ચઢામણી કરીને તેની સામે ફરિયાદ કરાવી. લાંભા ગામમાં રહેતા ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા યુવકે અસલાલી પોલીસ સ્ટેશનમાં સસરા સહિત પરિવારના ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે યુવકના લગ્ન વર્ષ ૨૦૦૯માં ગાંધીનગરની યુવતી સાથે થયા હતા. ત્યારે પત્ની તેના પિયરવાળાના કહેવાથી તેના પિયરમાં અવાર નવાર રહેવા જતી હતી અને અગિયર વર્ષ પહેલા પુત્રીને લઈને ગઈ હતી. જ્યારે સાસરીયા વાળા એક સંપ થઈને યુવક સામે ખોટી ચઢામણી કરીને સમાધાન થવા દીધું ન હતુ અને ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોધાવી હતી. જેમાં હાલ તે ભરણ પોષણના રૂપિયા પત્નીને આપે છે.

૨૦૨૦માં તેઓ કોર્ટમાં ગયા ત્યારે સસરાએ ઝઘડો કર્યો હતો જેથી યુવકે પોલીસ ફરિયાદ નોધાવી હતી. જે બાદ કેસો પરત લેવાની બાબતે સમાધાન થયું હતું અને પત્ની સાસરી આવ્યા બાદ બે દિવસ રહ્યા પછી પરત પિયર રહેવા ગઈ હતી. એટલું જ નહી પતિ ગાંધીનગર જાય ત્યારે સાસરીવાળા તેને ધમકીઓ આપતા અને ત્રાસ આપતા હતા. જેથી કંટાળીને યુવકે ઉંઘઇ મારવાની દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટના અંગે અસલાલી પોલીસે સાસરીના ચાર લોકો સામે ગુનો નોંધી૧ રવિયા વધુ તપાસ હાથ ધરી છે.

૭૫ વર્ષની ઉમર પહેલા કેન્સર થવાનું જોખમ ૧૦.૬ ટકા

ભારતમાં પુરુષોમાં ફેફસા અને સ્ત્રીઓમાં સ્તન કેન્સરનાં વધુ કેસ

ડબલ્યુએચઓના અનુમાન મુજબ ભારતમાં ૨૦૨૨માં કેન્સરના ૧૪.૧ લાખથી વધુ નવા કેસો સામે આવ્યા

નવી દિલ્હી,

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)ના અનુમાન મુજબ, ૨૦૨૨માં, ભારતમાં કેન્સરના ૧૪.૧ લાખથી વધુ નવા કેસો સામે આવ્યા અને આ ગંભીર બીમારીને કારણે ૯.૧ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (આઈએઆરએસી)ના અંદાજ મુજબ, પુરુષોમાં હોઠ, મોં અને ફેફસાંનું કેન્સર સામાન્ય હતું, જે નવા કેસોમાં અનુક્રમે ૧૫.૬ ટકા અને ૮.૫ ટકા છે. જ્યારે સ્ત્રીઓમાં સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર સૌથી સામાન્ય હતું. જે નવા કેસોમાં અનુક્રમે ૨૭ અને ૧૮ ટકા છે. આઈએઆરસીએ ડબલ્યુએચઓની કેન્સર એજન્સી છે. આ રિસર્ચમાં એવું પણ જાણવા મળ્યું હતું કે ભારતમાં કેન્સરથી પીડિત હોવાની માહિતી મળ્યા બાદ પાંચ વર્ષ સુધી જીવતા લોકોની સંખ્યા લગભગ ૩૨.૬ લાખ છે. વૈશ્વિક સ્તરે, એજન્સીનો કેન્સરના ૨ કરોડ નવા કેસ અને ૯૭ લાખ મૃત્યુ, તેમજ કેન્સરની જાણ થયા બાદ પાંચ વર્ષ સુધી લગભગ ૫.૩ કરોડ લોકો જીવીત હોવાનો અંદાજ છે. દર પાંચમાંથી એક વ્યક્તિ કેન્સરથી પીડાય છે અને દર નવમાંથી એક પુરુષ અને દર ૧૨માંથી એક સ્ત્રીનું આ રોગથી મૃત્યુ થાય છે. ભારતમાં, ૭૫ વર્ષની ઉમર પહેલા કેન્સર થવાનું જોખમ ૧૦.૬ ટકા છે, જ્યારે સમાન વય જૂથમાં કેન્સરથી મૃત્યુ થવાનું જોખમ ૭.૨ ટકા છે. વૈશ્વિક સ્તરે, આ જોખમો અનુક્રમે ૨૦ ટકા અને ૯.૬ ટકા છે. ડબલ્યુએચઓએ ૧૧૫ દેશોના સર્વેના પરિણામો પ્રકાશિત કર્યા અને કહ્યું કે મોટાભાગના દેશો યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC)ના ભાગરૂપે કેન્સર અને પેઈન કેર સેવાઓને પૂરતા પ્રમાણમાં નાણાં આપતા નથી. આઈએઆરસીના અનુમાન અનુસાર, ૨૦૨૨માં વૈશ્વિક સ્તરે લગભગ બે તૃતીયાંશ નવા કેસો અને મૃત્યુમાં ૧૦ પ્રકારના કેન્સર સામેલ હતા. તેમના ડેટામાં ૧૮૫ દેશો અને ૩૬ પ્રકારના કેન્સરને આવરી લે છે. વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ફેફસાનું કેન્સર એ સામાન્ય કેન્સર છે અને કેન્સરથી થતા મૃત્યુનું મુખ્ય કારણ પણ છે, જે કેન્સરથી થતા કુલ મૃત્યુના લગભગ ૧૯ ટકા છે. આ ઉપરાંત આઈએઆરસીએ શોધી કાઢ્યું છે કે સ્ત્રીઓમાં સ્તન કેન્સર બીજા નંબરનું સામાન્ય કેન્સર છે અને વૈશ્વિક સ્તરે થતાં મૃત્યુમાં સાત ટકા સ્તન કેન્સરથી થાય છે. ડેટા અનુસાર, સર્વાઈકલ કેન્સર વૈશ્વિક સ્તરે આઠમું સામાન્ય કેન્સર હતું અને કેન્સરથી થતાં મૃત્યુમાં નવમું મુખ્ય કારણ હતું. એજન્સીએ જણાવ્યું હતું કે તમાકુ, આલ્કોહોલ અને સ્થૂળતા કેન્સરના વધતા કેસ પાછળ મુખ્ય પરિબળો છે.

૧૦ સામે ગુનો દાખલ, બેની ધરપકડ

સુરતમાં NRIની જમીન પચાવી પાડવા કરાયો ખેલ

કરોડો રૂપિયાની જમીનના બોગસ દસ્તાવેજ અને પાવર ઓફ એટર્ની બનાવીને જમીન પચાવી પાડવાનો કારસો

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૪

સચિનમાં આવેલ વાંઝ ગામમાં એનઆરઆઈ પરિવારની કરોડો રૂપિયાની જમીનના બોગસ દસ્તાવેજ અને પાવર ઓફ એટર્ની બનાવીને જમીન પચાવી પાડવાનો કારસો રચનારા ૧૦ આરોપીઓ વિરૂદ્ધ સચીન પોલીસમથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી વધારે તપાસ હાથ ધરી છે. સુરતના પૂણા ગામ સ્વામીનારાયણ નગર સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષીય હિંમતભાઈ મગનભાઈ હડિયા ખેડૂત છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી ખેતીની સાથે જમીન મકાન બાંધકામનું કામકાજ કરે છે. તેમણે સચીન પોલીસ સ્ટેશનમાં બળવંતરાય સોમાભાઈ કોન્ટ્રાકટર ઉર્ફે ભીખુભાઈ ભંડારી, ભોગીલાલ તુલસીદાસ વણકર,હસમુખલાલ રતીલાલ માંડવીવાળા,છીતુભાઈ જીવણભાઈ, ઈશ્વરભાઈ આહિર, સંજય બાબુરાવ શિંદે, આર.એમ.પટેલ, છગન ચૌહાણ, એ.એસ.સોની અને મહેરપેસી મોરેના વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સાઉથ આફ્રિકામાં સ્થાયી થયેલા ઈશ્વર મગનલાલ અને તેમના ભાઈ બાબુલાલ મગનલાલની વાંઝ ખાતે રે.સ ૨૪૦/૧, બ્લોક નંબર ૨૫૧ થી નોંધાયેલી અંદાજે પાંચ કરોડ રૂપિયાની જમીન આવેલી છે. આ એનઆરઆઈ ભાઈઓની માતા ગજરાબેનનું નિધન વર્ષ ૧૯૭૮માં થઈ ચૂક્યું હોવા છતાં સચીન ઉદ્યોગ વિકાસ સહકારી સંઘ લિ.ના પ્રમુખ બળવંત કોન્ટ્રાકટર અને મંત્રી ભોગીલાલ વણકર સહિત મેનેજીંગ કમિટીના સભ્ય હસમુખ માંડવીવાળા સહિતના આરોપીઓ દ્વારા એક બીજાના મેળાપીપણામાં વર્ષ ૧૯૮૧ના રોજ મૃતક ગજરાબેનની બોગસ સહિ સિક્કા કરીને બોગસ વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ સંજય બાબુરાવ શિંદે, આર.એમ.પટેલ, છગન ચૌહાણ અને વકીલ એ.એસ.સોની સહિત મહેરપેસી મોરેના નામક આરોપીઓ દ્વારા પણ આ જ જમીન મૂળ માલિકો રૂબરૂ હાજર નહીં હોવા છતાં તેમની ખોટી સહી કરીને બોગસ પાવર ઓફ એટર્ની બનાવવામાં આવી હતી. આ બોગસ પાવરના આધારે આરોપીઓ પૈકી મહેર પેસી મોરેનાએ પોતાનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગત વર્ષે ઉભો કરીને વધુ એક વખત જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે, આ અંગે જમીનના મૂળ માલિક ઈશ્વર મગનલાલ અને બાબુલાલ મગનલાલને જાણ થતાં તેઓએ આ જમીન પચાવી પાડવાનો કારસો રચનારા આરોપીઓ સામે ગુનો નોંધાવતા પોલીસે દલાલ સંજયભાઈ બાબુરાવ શિંદે તથા જમીન લે-વેચનું કામ કરતા મહેરપેસી મોરેનાની ધરપકડ કરી છે.

પેપર લીક કરનારાને ૧૦ વર્ષની સજા, રૂ. ૧ કરોડનો દંડ

ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, બિહારમાં પેપર લીક થતાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ રદ થતાં કાયોદ લાવવા નિર્ણય

નવી દિલ્હી: દેશમાં છેલ્લા કેટલાક સમયથી અનેક રાજ્યોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર ખરા સમયે લીક થઈ જાય છે અથવા તેમાં અનેક પ્રકારની ગેરરીતિઓ સામે આવે છે. આ સમસ્યાના ઊકેલ સ્વરૂપે કેન્દ્ર સરકાર પેપર માફિયાઓને ડામવા આ સપ્તાહે સંસદમાં જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલ, ૨૦૨૪ રજૂ કરે તેવી સંભાવના છે. આ બિલની જોગવાઈમાં સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં ગેરરીતિ કરનારાને મહત્તમ ૧૦ વર્ષની જેલ અને રૂ. ૧ કરોડ સુધીના દંડનો સમાવેશ કરાયો હોવાનું સૂત્રોનું કહેવું છે.

સંસદની વેબસાઈટ પર સોમવારના કામકાજની યાદી મુજબ સરકાર જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલ, ૨૦૨૪ સંસદમાં રજૂ કરશે. આ બિલને કેબિનેટે મંજૂરી આપી દીધી છે તેમ સૂત્રોનું કહેવું છે. સૂચિત કાયદા હેઠળ વિદ્યાર્થીઓને નિશાન બનાવવામાં નહીં આવે. આ કાયદા હેઠળ સંગઠિત ગેંગો, માફિયા તત્વો અને ગેરરીતિ આચરનારાઓ સામે આકરા પગલાં લેવાશે. આ બિલનો આશય યુપીએસસી, એસએસસી, રેલવે, નીટ, જેઈઈ અને સીયુઈટી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓ રોકવાનો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના પેપરોને લીક થતા રોકવાનો છે.

સૂચિત કાયદા હેઠળ પરીક્ષા લીક કરતા તત્વો સાથે સંડોવાયેલા સરકારી અધિકારીઓને પણ છોડવામાં નહીં આવે. પેપર લીકમાં સંડોવાયેલા લોકોની સંપત્તિ પણ જપ્ત થઈ શકે છે. વધુમાં પેપર લીકમાં સંડોવાયેલા સરકારી અધિકારીઓને ૩-૫ વર્ષની કેદ અને રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થશે તેમ સૂત્રોએ કહ્યં હતું.

પ્રશ્નપત્ર લીક થવાના કારણે રાજસ્થાનમાં શિક્ષક ભરતી પરીક્ષા, હરિયાણામાં ગ્રૂપ-ડીના પદો માટે કોમન એલિજિબિલિટી ટેસ્ટ (સીઈટી), ગુજરાતમાં જુનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા અને બિહારમાં કોન્સ્ટેબલ બરતી પરીક્ષા જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ રદ કરવાની ફરજ પડી હોવાની પૃષ્ઠભૂમિમાં કેન્દ્ર સરકાર આ બિલ લઈને આવી રહી છે. જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલ રજૂ કરવાની સરકારની તૈયારીની જાહેરાત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બુધવારે સંસદની સંયુક્ત બેઠકમાં કહ્યું હતું કે, મારી સરકાર પરીક્ષાઓમાં અનિયમિતતાઓના સંબંધમાં યુવાનોની ચિંતાઓથી માહિતગાર છે. તેમની ચિંતાઓ દૂર કરવા માટે નવો કાયદો બનાવાઈ રહ્યો છે, જેનાથી યુવાનોને આશ્વાસન અપાશે કે પ્રમાણિક પ્રયાસોને યોગ્ય પુરસ્કાર મળશે, જેનાથી તેમનું ભવિષ્ય સુરક્ષિત થાય તે સુનિશ્ચિત થઈ શકે.

આ બિલ વિશેષરૂપે સંગઠિત જૂથો અને ગેરરીતિઓમાં સામેલ માફિયા તત્વો દ્વારા પેપરો સોલ્વ કરતી ગેંગ રોકવામાં આવે છે, અયોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે અને તે પેપરો લીક કરવામાં સંડોવાયેલા હોય છે. આ બિલનો પ્રાથમિક આશય આવા કુખ્યાત તત્વોને રોકવા અને જાહેર પરીક્ષા વ્યવસ્થામાં વધુ પારદર્શિતા, નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા સ્થાપિત કરવાનો છે.

જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેકનિકલ સમિતિની રચનાની પણ દરખાસ્ત કરે છે. આ સમિતિ કમ્પ્યુટરાઈઝ્ડ પરીક્ષા પ્રક્રિયાને વધુ સુરક્ષિત બનાવવા, ડિજિટલ પ્લેટફોર્મને સુરક્ષિત કરવા માટે પ્રોટોકોલ વિકસાવવા, પરીક્ષા કેન્દ્રોનું ઈલેક્ટ્રોનિક નિરીક્ષણ સુનિશ્ચિત કરવા અને આવી પરીક્ષાઓમાં ઉપયોગ લેવાનારા આઈટી અને ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રાષ્ટ્રીય માપદંડો તૈયાર કરવાના ઉપાયોની ભલામણો કરે તેવી શક્યતા છે.

ભારતના રમકડાથી રમશે અમેરિકા, યૂરોપ અને આફ્રિકા

ચીનને ઝટકો, 'ઈન્ટરનેશનલ ટોય ફેર'માં ભારતનો ડંકો

જર્મનીના ન્યૂરમબર્ગ શહેરમાં ઈન્ટરનેશનલ ટોય ફેર ચાલી રહ્યો છે, જ્યાં ભારતના રમકડાની ધૂમ મચી ગઈ

નવી દિલ્હી,

ચીનના રમકડાની ડિમાન્ડ સમગ્ર વિશ્વમાં હોય છે. અમેરિકા, યૂરોપ અને દુનિયાના બાકી ભાગના બજાર ચાઈનીઝ રમકડાથી ભરેલા છે. જર્મનીના ન્યૂરમબર્ગ શહેરમાં ઈન્ટરનેશનલ ટોય ફેર ચાલી રહ્યો છે. જ્યાં ભારતના રમકડાની ધૂમ મચી ગઈ છે. જેના કારણે ચીનને મરચા લાગ્યા છે. ૫ દિવસના આંતરરાષ્ટ્રીય રમકડા મેળામાં ભાગ લેનારા ભારતીય ટોય મેકર્સને કરોડો રૂપિયાના ઓર્ડર મળ્યા છે. ટોય એક્સપોર્ટર્સે આ જાણકારી આપતા કહ્યું કે ભારતીય મેકર્સે મેળામાં હાઈ ક્વોલિટીનું પ્રદર્શન આપ્યું છે. તેનો મતલબ છે કે હવે અમેરિકાથી લઈ યૂરોપ અને આફ્રિકા ભારતીય રમકડાથી રમવા માટે તૈયાર છે.

તેમના મુજબ અમેરિકા, બ્રિટેન, દક્ષિણ આફ્રિકા અને જર્મની જેવા દેશના ખરદીદારોએ તેમના ઉત્પાદનોમાં રસ બતાવ્યો અને મોટી સંખ્યામાં ઓર્ડર આપ્યો. ન્યૂરમબર્ગ ઈન્ટરનેશનલ ટોય ફેર ૩ ફેબ્રુઆરીએ પૂર્ણ થયો. દુનિયાના સૌથી મોટા રમકડા મેળામાં સામેલ આ આયોજનમાં ૬૫થી વધારે દેશના ૨૦૦૦થી વધુ લોકો સામેલ થયા. ગ્રેટર નોઈડા સ્થિત લિટિલ જીનિયસ ટોયઝ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ નરેશ કુમાર ગૌતમે કહ્યું કે અમારી પ્રોડક્ટસને ખુબ સરાહના મળી. ચાઈનીઝ રમકડા પ્રત્યે એક મજબૂત ચીન વિરોધી ભાવના હતી અને ભારતીય રમકડાની સરાહના કરવામાં આવી. તેમને કહ્યું કે બે ચીની કંપનીઓએ રમકડાના ઉત્પાદન માટે ભારતમાં લિટિલ જિનિયસની સાથે જોઈન્ટ વેન્ચર સ્થાપિત કરવામાં રસ બતાવ્યો છે.

વાણિજ્ય અને રાજ્ય મંત્રી ઉદ્યોગ સોમ પ્રકાશે રાજ્યસભાને આપેલી જાણકારી મુજબ ટોય ઈન્ડસ્ટ્રી માટે સરકાર દ્વારા બનાવેલા અનુકુળ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમના કારણે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૨-૨૩ સુધી રમકડાના કુલ ઈમ્પોર્ટમાં ૫૨ ટકાનો ઘટાડો અને રમકડાની નિકાસમાં ૨૩૯ ટકાનો વધારો થયો છે. 'મેડ ઈન ઈન્ડિયા રમકડા'ને પ્રોત્સાહન આપવા માટે એક સક્રિય અભિયાનની સાથે સાથે ભારતીય મુલ્યો, સંસ્કૃતિ અને ઈતિહાસના આધાર પર રમકડાની ડિઝાઈનિંગને પ્રોત્સાહિત કરવાના ઉપાયો, શીખવાના સાધન તરીકે રમકડાંના ઉપયોગથી ઈચ્છિત પરિણામો મળ્યા છે. સરકાર રમકડાની ક્વોલિટી પર દેખરેખ રાખવા, હલકી ગુણવત્તાવાળા અને અસુરક્ષિત રમકડાંની આયાતને પ્રતિબંધિત કરવા અને સ્વદેશી રમકડાંના ક્લસ્ટરોને પ્રોત્સાહન આપવા સાથે રમકડાની ડિઝાઈન અને ઉત્પાદન માટે હેકાથોન અને પડકારોનું પણ આયોજન કરી રહી છે. આ કેમ્પેઈનથી ટોય ઈન્ડસ્ટ્રીમાં મોટો ગ્રોથ જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં રમકડાનું કુલ ઈમ્પોર્ટ ૩૩૨.૫૫ મિલિયન અમેરિકી ડોલરથી ઘટીને